Celebrating 50 ઘનશ્યામ Years of Spirituality




વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૨

## અરવલ્લીની ધન્ય ધરા પર મોડાસા ખાતે ઊજવાયો

# નવનિર્મિત SMVS સ્વામિનારાયણ મંદિરનો દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ


















(૧-૨) ગોતા, ઘાટલોડિયા ખાતે અનુક્રમે પધરામણીમાં લાભ (૩-૪) કલોલ ખાતે પધરામણી તથા પાટોત્સવમાં લાભ

(૫-૮) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : ગોધરા



# ઘનશ્યામ

# GHANSHYAM

**૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૨**

**10 February, 2025 • Year : 50 • Edition : 02**

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૭ વચનામૃત સાર - લોયા : ૭ (ભાગ-૧)

૧૦ Emotional Intelligence

૧૩ દિવ્યભાવની યાત્રા

૧૫ સ્વામી, ચિંતા ન કરો

૧૭ બાળ વિભાગ : મારા મહારાજ

૧૯ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ : મોડાસા


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**‘GTPL-ભક્તિ’ ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# દિવ્યવાણી


**તા. ૧૫-૧૨-૨૪ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પૂનમની સભામાંથી સંકલિત**

શ્રીજીમહારાજનો સંકલ્પ છે જોગમાં આવનાર સૌને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરી પોતાની મૂર્તિનું સુખ આપવું. મૂર્તિસુખ માટે પાત્ર થવાનું બૅકગ્રાઉન્ડ શ્રીજીમહારાજે ઓરડાના પદમાં રચ્યું છે,

"બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન.
મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત."

અનંતકોટિ બ્રહ્માંડના નાથ રાજાધિરાજે સ્વયં ઉત્સાહભેર આપણે આવા દિવ્યભાવમાં રાચતા થઈશું એવી આશા સાથે વાત કરી છે કે, અમે તો દિવ્ય છીએ જ પણ અમારા સંબંધમાં આવનાર લોક, ભોગ અને મુક્ત સર્વે દિવ્ય છે. લોક એટલે સર્વે સંતો-ભક્તો, ભોગ એટલે ઉપયોગમાં આવતાં વસ્તુ-પદાર્થ અને સ્થળ-સ્થાન તથા મુક્ત એટલે મોટાપુરુષ. આ સર્વે મહારાજના સંબંધે દિવ્યત્વને પામે છે.

સ્પ્રેની (અત્તરની) દુકાનમાં બધી જ વસ્તુમાંથી અત્તરની સુવાસ આવે છે ચાહે પછી ફર્નિચર હોય કે બાથરૂમ; બધામાં સુવાસ આવે છે. અરે કદાચ કોઈ વ્યક્તિ અત્તરની દુકાનમાં ૧૦ મિનિટ ઊભી રહી બહાર નીકળે તો તેના કપડાંમાંથી પણ અત્તરની સુવાસ આવે છે. લૌકિક અત્તર પણ તેના સંગમાં આવનાર દરેક વસ્તુ કે વ્યક્તિને સુવાસિત કરી દે છે તો દિવ્યાતિદિવ્ય સ્વરૂપ એવા મહારાજના સંબંધમાં આવનાર લોક, ભોગ અને મુક્ત તો દિવ્યતાને પામે જ; એમાં કોઈ શંકા નથી.



ફ્રૂટ કે ડ્રાયફ્રૂટ, ભોજનની કોઈ પણ ચીજને ઠાકોરજીના થાળમાં ધરાવ્યા બાદ તે પ્રસાદ બની જાય છે. કેળું ઠાકોરજીને ધરાવ્યા પછી પ્રસાદ બની જાય છે. કારણ, મહારાજના સંબંધે કેળાનું પ્રસાદમાં સ્વરૂપાંતર થઈ ગયું. તેમ મહારાજના સંબંધમાં આવનાર સર્વે લોક અને ભોગના માયાના ભાવ ટળીને દિવ્ય થઈ જાય છે.

આપણા ઘરમાં દિવાળીના દિવસે પ્રગટાવેલ દીવાની જ્યોતને કે રસોડાના ગૅસની જ્યોતને આપણે કદી માથે ચડાવતા નથી. પરંતુ આરતીની જ્યોતને માથે ચડાવીએ છીએ. કારણ, એ જ્યોતને મહારાજનો સંબંધ થઈ ગયો. તેમ મહારાજના સંબંધવાળા સર્વે સંતો-ભક્તો વંદનીય, પૂજનીય, નમન કરવા યોગ્ય છે. આરતી જેવો પૂજ્યભાવ એ સર્વેને વિષે રાખવો.

લાખો-કરોડોના બંગલામાં ગ્રૅનાઇટનાં પગથિયાં હોય તોપણ આપણે ચડતી વખતે તેને નમીને પગે લાગતા નથી. જ્યારે મંદિરમાં ગાર-માટીનાં પગથિયાં હોય તોપણ તેને પગે લાગી, માથું નમાવીએ છીએ. કારણ, પગથિયાંને મહારાજનો સંબંધ છે તેથી તે ગ્રૅનાઇટનાં છે કે માટીનાં છે તેવો ભેદ જોતા નથી. તેમ મહારાજના સંબંધમાં આવેલા સંતો-ભક્તો આર્થિક રીતે સુખી હોય કે ગરીબ, નાના હોય કે મોટા; તેમના અવરભાવને ન જોતાં તેમને કોનો સંબંધ છે એ વિચારે તેમને અહોભાવથી નમન કરવું.

મહારાજના સંબંધમાં આવેલાં વસ્તુ-પદાર્થ તો વિજાતિ દિવ્ય છે જ્યારે સંતો-ભક્તો તો સર્વે સજાતિ દિવ્ય છે. તેમને મહારાજનો ડાઈરેક્ટ સંબંધ છે. મહારાજના વ્યતિરેક સંબંધવાળા સર્વે સંતો-હરિભક્તોમાં દિવ્યભાવ પરઠવો. સર્વે દિવ્ય

જ છે એવું નિરુત્થાનપણું કરવું એ અનાદિમુક્ત વિશ્વમ્‌માં પ્રવેશ મેળવવાની પૂર્વશરત છે. અત્યારે બે વર્ષ તેની પૂર્વતૈયારી રૂપે ચાલી રહ્યાં છે. પ્રથમ મહારાજને વિષે દિવ્યભાવનો દૃઢાવ કરીએ...

જેવું દેખાય છે એવું જ તેને સમજી લેવું તે માયિકભાવ. મહારાજની મૂર્તિને પ્રતિમા કે આરસની સમજવી એ માયિકભાવ છે. જે દેખાતું નથી પરંતુ સમજવું તે દિવ્યભાવ. મહારાજ તેજના સમૂહમાં જ છે, દિવ્ય જ છે તેવું દેખાતું નથી પરંતુ નિરુત્થાનપણે તેવું જ સમજવું તે દિવ્યભાવ. દિવ્યભાવની દૃઢતા કરાવવા શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, "જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો." એટલે કે મહારાજ મનુષ્ય રૂપે દર્શન આપતા હોય કે પ્રતિમા રૂપે તોપણ દિવ્ય જ છે. સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ છે. શ્રીજીમહારાજ ગયા નથી; સદાય પ્રગટ, પ્રત્યક્ષ છે, દિવ્ય સ્વરૂપ જ છે એવો દિવ્યભાવ દૃઢ થાય તે માટે સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રણાલિકામાં શ્રીજીમહારાજે વ્યક્તિગત નિત્યપૂજા અમલ કરાવી છે. શ્રીજીમહારાજે કરેલી સંપ્રદાયની રીત મુજબ આશ્રિતમાત્ર સ્ત્રી-પુરુષ સર્વેએ વ્યક્તિગત પૂજા પ્રાતઃ સમયે કરવાની હોય છે.

આશ્રિત સત્સંગીનાં સંતાન (દીકરા-દીકરી) આઠ વર્ષની ઉંમરનાં થાય ત્યારબાદ દરેકે વ્યક્તિગત પૂજા ફરજિયાત કરવી જ એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે. દરેક વ્યક્તિનાં કપડાં, બૂટ, મોજાં, મોબાઇલ બધું આગવું હોય છે તેમ દરેક વ્યક્તિની પૂજા પણ આગવી જ જોઈએ. ઘરમંદિર એ પરિવારના સભ્યોનું સહિયારું છે. પરંતુ વ્યક્તિગત પૂજા એ આપણા આગવા મહારાજ છે. માટે આગવી નિત્યપૂજા કર્યા સિવાય મુખમાં પાણીનું ટીપું પણ ન મુકાય તો જમાય કેમ ? અર્થાત્ પૂજા કર્યા વિના જળ ન ધરાવાય કે જમાય પણ નહીં. વ્યક્તિગત પૂજા આપણા આગવા મહારાજ છે માટે તેમને કદી અપૂજ્ય ન રખાય. ગમે ત્યાં બહારગામ જવાનું થાય તોપણ નિત્યપૂજા પ્રથમ સાથે લેવી અને કરવી. ગમે તેવા સંજોગ-પરિસ્થિતિ આવે તોપણ પૂજા કર્યા વિના કશું જ ન લેવાય.

પૂનમના સમૈયામાં ઇટલીથી પ્રકાશભાઈ આવ્યા છે. તેઓ ઇટલીમાં એકલા રહીને MBBSનો અભ્યાસ કરે છે. તેઓ ઇન્ડિયા આવવા માટે ઇટલીથી ચાર દિવસ પહેલાં નીકળ્યા હતા. પરંતુ આકસ્મિક સંજોગોના કારણે ફ્લાઇટ ઇસ્તંબૂલમાં રોકાઈ ગયું. તદ્દન અજાણ્યો દેશ. ત્યાં કોઈ જાતની સગવડ નહીં. ચાર દિવસ સુધી સ્નાનાદિક કરવાનું કંઈ સેટિંગ ન થતાં પૂજા પણ કરી શક્યા નહીં. તેથી ચાર દિવસના નકોરડા ઉપવાસ કર્યા. પરંતુ નિત્ય પ્રાતઃ પૂજા કર્યા સિવાય જળનું ટીપું પણ ન ધરાવ્યું. આપણે પણ સમય આવ્યે આપણા જીવનમાં નિત્યપૂજા કરવાની આવી જ દૃઢતા રાખીએ.

પૂજા પણ ક્રિયાત્મક નિયમ પૂરું કરવા ખાતર ન કરવી. સ્વયં મહારાજ પૂજામાં પ્રગટપણે બિરાજમાન છે તો ભાવવિભોર થઈ રોમાંચિત ગાત્રે, હસતું મુખ રાખીને મહારાજ સાથે વાતો કરવી. એકાગ્ર ચિત્તે મહારાજનાં દર્શન કરવાં પરંતુ આડાંઅવળાં ડાફોળિયાં ન મારવાં કે ઇશારા પણ ન કરવા. પૂજામાં મહારાજ ડાઈરેક્ટ આપણી સાથે એકાંત ગોઠડી કરે છે તો એ દરમ્યાન સાચા ભાવે કગરીને કરેલી પ્રાર્થના મહારાજ જરૂરાજરૂર સાંભળે છે. માટે મહારાજ સાક્ષાત્ મારી પ્રાર્થના સાંભળે છે એ ભાવે પ્રાર્થના કરવી.

મૂર્તિ રૂપે મહારાજ સ્વયં પ્રગટ જ છે. આ વાત આપણા રગ રગમાં પ્રવર્તવી જોઈએ અને પ્રૅક્ટિકલ લાઇફમાં દેખાવી જોઈએ. મહારાજને વિષે પ્રગટ-પ્રત્યક્ષભાવ અને દિવ્યભાવ દૃઢ કરવા મહારાજ દિવ્ય રૂપે સદાય મારી ભેળા જ છે, મારા સર્વે સંકલ્પો અને ક્રિયાને જાણે જ છે એવું જાણપણું રાખવું.

"મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો,
સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્ય દૃષ્ટિરૂપી તવ કૅમેરો,
સદાય અમ પર ધારો છો."

મહારાજ મારા સર્વે સંકલ્પો, ક્રિયાને દિવ્ય રૂપે સતત જોઈ રહ્યા છે. ત્યારે કોઈને વિષે ભૂંડો ઘાટ કે ભૂંડી ક્રિયા કરીએ તેને પણ મહારાજ જાણે છે. હું ક્યાં છું ? શું કરું છું ? અંદરથી કેવો છું ? એને કોઈ નથી જાણતું પણ મહારાજ તો બધું જાણે જ છે. બાથરૂમમાં જઈને કશું કરીએ તો તેને પણ મહારાજ જાણે છે. આ વાત નિરુત્થાનપણે નક્કી કરવી. તેનાથી આપણા વર્તનમાં ઓટોમૅટિક બદલાવ આવશે. જીવનમાં ક્ષણે ક્ષણે, પળે પળે મહારાજનું પ્રગટપણું રહે તો મહારાજને દિવ્ય જાણ્યા કહેવાય. જો કોઈ જોતું નથી એવું થાય તો તે છૂપો નાસ્તિકભાવ કહેવાય. ત્યાં ખોટું થાય જ. દેહધારીને આવરણ નડે. દિવ્ય સ્વરૂપને કોઈ આવરણ ન હોય માટે મહારાજ તો સર્વત્ર બધું દેખે જ છે, જુએ જ છે આવા દિવ્યભાવના પાઠ ભણી મૂર્તિને વિષેથી પ્રતિમાભાવ ટાળી દિવ્યભાવની દૃઢતા કરવી તો કદી આજ્ઞા વિરુદ્ધ ક્રિયા નહિ થાય. ભૂંડા ઘાટ નિવૃત્ત થઈ જશે. મહારાજ પ્રગટ-પ્રત્યક્ષ છે, દિવ્ય રૂપે ભેળા છે એવું બોલવા છતાં આજ્ઞા વિરુદ્ધ ક્રિયા થઈ જાય તો આપણી દિવ્યભાવની સમજણમાં બહુ ફેર છે એમ સમજવું. માટે આવી સમજણમાં જ્યાં કચાશ હોય તેને ટાળવી. મહારાજના રાજીપાની ભૂખ અને કુરાજીપાનું દુઃખ હંમેશાં રાખવું. દિવ્યભાવના જાણપણામાં રહેતાં રહેતાં જ નિરુત્થાનપણું થઈ જાય.

**દિવ્યતા સાધનથી નહિ, સંબંધથી પમાય.**

મહારાજ પ્રતિમા રૂપે તો પ્રગટ છે જ પણ દિવ્ય રૂપે પણ સદાય આપણી ભેળા છે આવી સમજણ દૃઢ કરાવવા શ્રીજીમહારાજે સારંગપુરના ત્રીજા વચનામૃતમાં વાત કરી છે કે, "અમારે વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠ થઈને જો અમારી પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જે અમારી માનસીપૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે તોય ન્યૂન છે ને માનસીપૂજા કરે છે તોય ન્યૂન છે."

માનસીપૂજા એ સ્વામિનારાયણ સંપ્રદાયની મહારાજને વિષે દિવ્યભાવ દૃઢ કરવાની આગવી રીત છે. માનસીપૂજા એટલે મનમાં સંકલ્પ વડે કરીને ભાવવિભોર થઈ મહારાજની સેવા કરવી. પ્રત્યક્ષ વ્યક્તિગત પૂજા દિવસમાં એક વાર કરવાની હોય જ્યારે માનસીપૂજા પાંચ વાર કરવાની હોય છે. કારણ સત્સંગમાં મહારાજે આપણને કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા જ છે, પ્રતિલોમપણે મહારાજ દેહના સ્થાને આવીને બિરાજમાન થઈ ગયા છે. જે મહારાજ આપણું જીવન છે, આપણો પ્રાણ છે, આપણો શ્વાસ છે એ મહારાજ વિસરાઈ ન જાય. વ્યવહારમાત્રથી ડિટૅચ થઈ મહારાજ સાથે અટૅચ થઈ શકીએ તે માટે દિવસમાં થોડા થોડા સમયના અંતરે માનસીપૂજા કરવાની આજ્ઞા કરી છે. મોટા સંતો કહેતા, દિવસમાં પાંચ વાર મરતા શીખવું એટલે કે અવરભાવની પ્રવૃત્તિને વિસારી મહારાજ સાથે જોડાઈ જવું. માનસીપૂજા નાના છોકરાની રમત નથી પરંતુ મહારાજનું પ્રગટપણું દૃઢ થાય, એમની સાથે પ્રીતિ દૃઢ થાય તે માટેની પ્રેમલક્ષણા ભક્તિ છે. મહારાજમાં અતિશે સ્નેહ પ્રગટાવવાનું માધ્યમ છે. માનસીપૂજા કયા સમયે, કઈ કઈ કરવી ? તો,

**પહેલી – સવારે ૫થી ૭**

નિત્યપૂજા વખતે કરવામાં આવે છે. એમાં સવારે ઠાકોરજી જગાડવાથી લઈ અલ્પાહાર કરાવવા સુધીની દરેક ક્રિયા કરાવવી. એટલે કે તમામ પ્રાતઃ ક્રિયાને આવરી લઈને કરાતી માનસીપૂજા.

**બીજી – બપોરે ૧૦:૩૦થી ૧૨:૩૦**

ઠાકોરજીને જમાડવાની એટલે કે રાજભોગ ધરાવવાની માનસીપૂજા. મહારાજને માનસિક રીતે વિવિધ વાનગીઓ પીરસીને ખૂબ ભાવથી જમાડવા.

**ત્રીજી – સાંજે ૪થી ૫**

ઠાકોરજીને જગાડવાની એટલે કે ઉત્થાપનની માનસીપૂજા. સાંજે ઠાકોરજીને જગાડી ફ્રૂટ, જ્યૂસ, ડ્રાયફ્રૂટ ધરાવવું.

**ચોથી – રાત્રે ૭થી ૮**

ઠાકોરજીને રાત્રે જમાડવાની માનસીપૂજા.

**પાંચમી – રાત્રે ૯થી ૧૧**

રાત્રે ઠાકોરજીને પોઢાડવાની માનસીપૂજા. ઠાકોરજીને રાત્રે દૂધ ધરાવી સિઝન પ્રમાણે એ.સી., પંખા કે હીટર કરી માનસિક રીતે પોઢાડવા.

માનસીપૂજા ગમે ત્યાં આપણે કરી શકીએ છીએ. માટે માનસીપૂજાનો સમય થાય ત્યારે કોઈ પણ સ્થાનમાં હોઈએ તોપણ માનસીપૂજા અચૂક કરવાનો નિયમ રાખવો. એ આપણી કારણ સત્સંગની આગવી રીત છે.

એક યુવક સારી કંપનીમાં નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા ગયા હતા. તેઓ વેઈટિંગ રૂમમાં બેઠા હતા. એ વખતે માનસીપૂજા કરવાનો સમય થતાં તેઓ તરત નેત્ર બંધ કરી માનસીપૂજા કરવા લાગ્યા. તેમની બાજુમાં એક સત્સંગી યુવક બેઠા હતા. યુવકે માનસીપૂજા કરી નેત્ર ખોલ્યાં કે તરત જ સત્સંગી યુવકે પૂછ્યું કે, "શું તમે એસ.એમ.વી.એસ.ના હરિભક્ત છો ?" યુવકે કહ્યું, "હા, તમને કેવી રીતે ખબર પડી ?" સત્સંગી યુવકે કહ્યું, "એસ.એમ.વી.એસ.ના હરિભક્તોની સમયે સમયે પાંચે માનસીપૂજા કરી લેવાની રીત ને આગ્રહથી હું પરિચિત છું."

વ્હાલા મુક્તો, આપણે પણ એસ.એમ.વી.એસ.ના છીએ ત્યારે આપણામાં પણ આ યુવક જેવી સમયસર પાંચેય માનસીપૂજા કરવાની દૃઢતા અચૂક જોઈએ. એ આપણી કારણ સત્સંગી તરીકેની આઈડેન્ટિટી છે, આગવી ઓળખ છે. એક પણ માનસીપૂજા ચૂકી ન જવાય તેનો ખટકો રાખવો.

માનસીપૂજા કેવી રીતે કરવી ? તો આપણા માટે smvs.org વેબસાઈટ ઉપર માનસીપૂજા કરવાની રીત શીખવી છે. માટે તેને અચૂક સાંભળીએ. તે માટે અહીં આપેલ QR Codeને સ્કેન કરી આજે જ માનસીપૂજાની રીત શીખી નિયમિત માનસીપૂજા કરવી જ છે એવો દૃઢ સંકલ્પ કરીએ.

**વાચક નોંધ :** વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિન ઉપક્રમે મળેલા દિવ્યપુરુષ માટે મહિમાસભર થવાય તથા તેઓમાં રહેલા અનંત કલ્યાણકારી ગુણોમાંથી અલ્પ ગુણોનું દર્શન થાય તે માટે આગામી માર્ચ-એપ્રિલ માસનો ઘનશ્યામ અંક સંયુક્ત વિશેષાંક રૂપે પ્રકાશિત થશે. જેથી એપ્રિલ માસનો અંક પ્રકાશિત થશે નહીં. જેની સર્વે વાચક મુક્તોએ નોંધ લેવી.

# વચનામૃત સાર

## લોયા : ૭ (ભાગ ૧)

અત્રે લોયાના ૭મા વચનામૃતમાં મહારાજે આપેલા રહસ્યજ્ઞાનને સમજીશું.

**વચનામૃત : ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, શ્રુતિમાં કહ્યું છે જે : ॥ऋते ज्ञानान्न मुक्तिः । तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था વિદ્યતેઽયનાય ॥ એ શ્રુતિમાં એમ કહ્યું છે જે, ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જીવનું કલ્યાણ થાય છે ત્યારે શાસ્ત્રમાં જે બીજાં સાધન કલ્યાણને અર્થે બતાવ્યાં છે તેનું શું પ્રયોજન છે ? કેમ જે, કલ્યાણ તો જ્ઞાને કરીને જ થાય છે.**

**વિશ્લેષણ :** મુમુક્ષુના ચાર કાન થઈ જાય તેવો પ્રશ્ન છે. કારણ કે કલ્યાણનો પ્રશ્ન છે. સત્સંગનો મુદ્દો જ કલ્યાણ છે. કલ્યાણ માટેની સૌથી પહેલી બાબત છે સરનામું કહેતાં નિશાન, ધ્યેય, લક્ષ્ય. અહીં સદ્. મુક્તાનંદ સ્વામીએ નિશાન વગરનો ભડાકો કર્યો છે. ભગવાનનું જ્ઞાન પણ કયા ભગવાનના જ્ઞાનની વાત છે તે સ્પષ્ટ નથી કર્યું. પરંતુ અહીં



કલ્યાણની વાત છે. કલ્યાણ એટલે છેલ્લી વાત, છેલ્લી પ્રાપ્તિ. એ ક્યારે થાય ? તો, જે સર્વોપરી છે, જે સનાતન છે એવા ભગવાનના સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જ પૂરું કલ્યાણ કહેવાય. પૂરું કલ્યાણ એટલે જ આત્યંતિક કલ્યાણ. સનાતન ભગવાન કોણ ? તો આપણા સ્વામિનારાયણ ભગવાન. આમ, સ્વામિનારાયણ ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જીવનું આત્યંતિક કલ્યાણ થાય.

હવે સ્વામિનારાયણ ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન એટલે શું ? તો સાક્ષાત્ જ્ઞાન એટલે અનુભવજ્ઞાન. જેની વાત આગળ આ જ વચનામૃતમાં મહારાજે કરી છે. અનુભવજ્ઞાન એટલે સ્થિતિ. ટૂંકમાં, સદ્. મુક્તાનંદ સ્વામી એવું કહેવા માગે છે કે, જ્ઞાને કરીને સ્થિતિ થાય છે. આવી જ વાત મહારાજે ગઢડા પ્રથમના ૨૪મા વચનામૃતમાં કરી છે કે, “જે રીતે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તે કહીએ છીએ.” વળી, ગઢડા મધ્યના ૮મા વચનામૃતમાં પણ આ જ વાતની પુષ્ટિ આપતાં કહ્યું છે કે, “પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે.”

કલ્યાણની વાત આવે ત્યારે બે શબ્દો સમજવા પડે : પ્રાપ્તિ અને સ્થિતિ. ગુરુદેવ પ.પૂ. બાપજી ગઢડા પ્રથમનું ૫૧મું વચનામૃત લેતા ત્યારે આ બે શબ્દોના અર્કને ટૂંકમાં સમજાવતા કે, અવરભાવનો નિશ્ચય એટલે પ્રાપ્તિ અને પરભાવનો નિશ્ચય એટલે સ્થિતિ.

હવે સદ્. મુક્તાનંદ સ્વામીનો ઉત્તર આપતાં મહારાજે કહ્યું કે,

**વચનામૃત : જ્ઞાન તે જાણવાનું નામ છે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી જે જાણવું એ જ જ્ઞાન હોય તો શાસ્ત્રે કરીને ભગવાનને સર્વે જગત જાણે છે તેણે કરીને સર્વેનું કલ્યાણ થાતું નથી, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા તેણે કરીને કલ્યાણ નથી.**

**વિશ્લેષણ :** અહીં શ્રીજીમહારાજે

આપેલા ઉત્તરમાં સમજવાનું એ છે કે પરોક્ષપણે ભગવાનને જાણવા એટલે શું ? તો સંવત ૧૮૩૭માં મહારાજ પ્રગટ થયા ને સંવત ૧૮૮૬માં આ લોકમાંથી અંતર્ધાન થયા. હવે અહીં નથી, અધ્ધર અક્ષરધામમાં છે. વળી, પ્રતિમા છે તે તો માત્ર સેવા-પૂજા માટે છે. અક્ષરધામમાં જેવા તેજોમય મહારાજ છે તેવા આ નહિ એવું સમજવું એ પરોક્ષપણે નિશ્ચય કર્યો કહેવાય. એવું સમજવાથી કલ્યાણ ના થાય.

**વચનામૃત : ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જેણે ભગવાનને પ્રત્યક્ષ દીઠા હોય તેનું તો જન્માંતરે કલ્યાણ થાય છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેણે શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યા તેણે કરીને પણ જન્માંતરે કલ્યાણ થાય છે, કાં જે જેને શાસ્ત્રે કરીને જાણ્યા છે તેને જ નેત્રે કરીને દેખે છે અને જેને નેત્રે કરીને દેખે છે તેને જ શાસ્ત્રે કરીને જાણે છે, માટે બેનું બીજબળ બરોબર થાય છે ને બેનું જન્માંતરે કલ્યાણ પણ બરોબર છે.**

**વિશ્લેષણ :** અહીં મહારાજ સ્પષ્ટપણે કહે છે કે, જો અમારા સ્વરૂપને યથાર્થ ઓળખ્યું નહિ ને પરોક્ષપણે જ અમને ઓળખ્યા તો જન્માંતરે કલ્યાણ થશે. જે’દી એવા મોટાનો જોગ થશે ને એમના વચનમાં વિશ્વાસ આવશે ને યથાર્થ નિશ્ચય થશે તે’દી વારો આવશે. નહિતર ત્યાં સુધી જન્માંતરે પણ ન આવે...

હવે આગળ વચનામૃતમાં મહારાજ ખરેખર જ્ઞાન શું ? તેને વધુ વિગતે સમજાવી રહ્યા છે.

**વચનામૃત : કેમ જે શ્રવણે કરીને ભગવાનને સાંભળ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સાંભળ્યા જ કહેવાય અને ત્વચાએ કરીને સ્પર્શ કર્યો તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સ્પર્શ કર્યો જ કહેવાય, અને નેત્રે કરીને જોયા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે જોયા જ કહેવાય, અને નાસિકાએ કરીને સૂંઘ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સૂંઘ્યા જ કહેવાય, અને જિહ્વાએ કરીને વર્ણન કર્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે વર્ણન કર્યાં જ કહેવાય, એવી રીતે બાહ્ય ઇન્દ્રિયોએ કરીને જ્ઞાન છે. તથા અંતઃકરણે કરીને જે જ્ઞાન છે, અને અંતઃકરણ-ઇન્દ્રિયો પર જે જીવસત્તા તદાશ્રિત જે અનુભવજ્ઞાન છે, તેમાંથી તમે કિયા જ્ઞાનને કહો છો ?**

**વિશ્લેષણ :** શ્રીજીમહારાજે અહીં ત્રણ પ્રકારના જ્ઞાનની વાત કરી. ઇન્દ્રિયોએ કરીને જ્ઞાન, અંતઃકરણે કરીને જ્ઞાન અને જીવસત્તાએ જ્ઞાન - જે અનુભવજ્ઞાન.

આ ત્રણેય પ્રકારને સરળ દૃષ્ટાંતથી સમજીએ. ચેક દેખાય છે કાગળિયું તે ઇન્દ્રિયોનું જ્ઞાન પણ સમજાય છે રૂપિયા તે અંતઃકરણમાં જ્ઞાન અને પાકતી તારીખે રૂપિયા હાથમાં આવે તે અનુભવજ્ઞાન.

આમ, ઇન્દ્રિયોએ કરીને મહારાજ પ્રતિમા જેવા દેખાય છે તેવા જ સમજવા એ ઇન્દ્રિયોમાં જ્ઞાન કહેવાય. અર્થાત્ આગળ જે પરોક્ષપણે નિશ્ચય કહ્યો તે ઇન્દ્રિયોનું જ્ઞાન. પરંતુ ભલે મને દેખાય છે પ્રતિમા પરંતુ છે સાક્ષાત્ છે. અક્ષરધામ, અનંત અનાદિમુક્તો, ઐશ્વર્ય, તેજ, લાવણ્યતા બધું આ જ મૂર્તિ ભેળું છે એમ સમજવું એને કહેવાય અંતઃકરણમાં જ્ઞાન. એને જ કહેવાય પ્રત્યક્ષપણે નિશ્ચય.

આવો પ્રત્યક્ષપણે નિશ્ચય થાય ત્યારે જ ખરેખર પ્રાપ્તિ થઈ કહેવાય. કારણ કે એને મહારાજથી છેટાપણું ના રહ્યું. મર્યા પછી ધામમાં જવાનું ના રહ્યું. જેને મરીને પામવાના હતા તે છતે દેહે જ મળી ગયા. જે દાદાખાચરને મળ્યા’તા એ જ મહારાજ મળી ગયા આવું કૃતાર્થપણું તેને વર્તે. હવે એને કલ્યાણનું અધૂરું મનાય ? ના. પૂરું જ મનાય.

પ્રત્યક્ષપણે નિશ્ચયના પણ બે અર્થ છે : એક સામાન્ય અર્થ અને બીજો વિશિષ્ટ અર્થ. ઉપર કહ્યું તેમ પ્રતિમાને સાક્ષાત્ મનાય તે સામાન્ય અર્થ છે. પરંતુ પ્રતિમામાં પણ હજુ છેટાપણું ને જુદાપણું તો રહ્યું જ. એ હજુ પૂર્ણ સમજણ નથી. એનાથી દેહ ને દેહના દોષોની કનડગત જાય નહીં. પરંતુ જે સામે પ્રતિમા સ્વરૂપે સાક્ષાત્ મહારાજ છે તે જ પ્રતિલોમપણે જ્ઞાને કરીને દેહને પાડીને દેહના સ્થાને આવીને બિરાજમાન થઈ ગયા છે. મને અનાદિમુક્ત કરીને આ જ મૂર્તિમાં રાખી લીધો છે. આને કહેવાય વિશિષ્ટ અર્થમાં પ્રત્યક્ષપણે નિશ્ચય.

આવી પ્રત્યક્ષપણે નિશ્ચયરૂપી સમજણની દૃઢતા થાય તેને અંતઃકરણમાં જ્ઞાન દૃઢ થયું કહેવાય.

હવે આગળનું ત્રીજું અને અંતિમ સ્ટેપ છે અનુભવજ્ઞાન. અનુભવજ્ઞાન એટલે સ્થિતિ. પ્રતિલોમપણે અખંડ મૂર્તિમાં રહેવાની લટકનો અભ્યાસ, સાથે પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરે અને એ કરતાં કરતાં મોટાપુરુષના અંતરનો રાજીપો થાય ત્યારે જીવાત્માની દેહાવસ્થા તૂટીને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય છે. એને જ કહેવાય અનુભવજ્ઞાન.

હવે આગળ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સદ્. નિત્યાનંદ સ્વામીને ગૂંચવે છે કે,



**આત્યંતિક મોક્ષ એટલે અનાદિમુક્તની સ્થિતિ.**

**વચનામૃત : ...તમે કિયા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને કલ્યાણ થાય છે તેમ પૂછો છો ? ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, જે ભગવાનના સ્વરૂપને વિષે ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પૂગે એવા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને મોક્ષ થાય એમ કહીએ છીએ.**

સ્વામીના આ ઉત્તરને સમર્થન આપતાં શ્રીજીમહારાજે કહ્યું,

**માટે ભગવાનને તત્ત્વે કરીને સમજવા તે તો એમ છે જે, ઇન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-મૃત્યુને પણ ન તરે.**

**વિશ્લેષણ :** આમ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ આ ત્રણેયે કરીને ભગવાનને યથાર્થપણે જાણે તે જ પૂરો જ્ઞાની કહેવાય. તેનું જ કલ્યાણ થાય કહેતાં આત્યંતિક કલ્યાણ થાય. બાકી મહારાજે કહી દીધું કે જ્યાં સુધી અનુભવજ્ઞાન સુધી ન પહોંચે ત્યાં સુધી જન્મમરણ ન તરે. અહીં લખચોરાસીરૂપી જન્મમરણની વાત નથી પરંતુ મહારાજનો કહેવાનો ભાવાર્થ એ છે કે એનું રિપિટેશન બંધ ન થાય.

આ વાંચતાં પ્રશ્ન થાય કે જો અનાદિમુક્તની સ્થિતિ એ જ કલ્યાણ હોય તો બધાની પાત્રતા સ્થિતિ સુધી પહોંચવાની ના હોય. છતે દેહે સ્થિતિ પામે એવા તો કોઈક જ હોય તો શું કોઈકનું જ કલ્યાણ થાય ? કારણ સત્સંગના જોગમાં આવેલા બધાનું કલ્યાણ ના થાય ? ના થાય એમ નહિ, પ્રાપ્તિએ કરીને થઈ જ ગયું છે. પરંતુ, હજુ દેહભાવનું જોખમ છે. અહીં પ્રાપ્તિ અને સ્થિતિ આ બે શબ્દ સમજવા પડે તેમ છે. સમજણ એ પ્રાપ્તિ છે અને અનુભવ એ સ્થિતિ છે. અહીં મહારાજે અનુભવનું મહત્ત્વ દર્શાવ્યું છે. આ જ વચનામૃતમાં આગળ મહારાજે સમજણનું મહત્ત્વ પણ એટલું જ સમજાવ્યું છે. સમજણની દૃઢતા એટલે નિરુત્થાનપણું. મહારાજના સ્વરૂપની અને પોતાના સ્વરૂપની નિરુત્થાનપણે દૃઢતા થઈ હોય તો તેનું પણ કલ્યાણ થઈ જ ચૂક્યું છે.

મોટાપુરુષના જોગ વગર આવા પરભાવી જ્ઞાનની દૃઢતા શક્ય જ નથી. કારણ કે અનુભવજ્ઞાનનો માર્ગ એ રણના રસ્તા જેવો છે. ભોમિયા વગર ભૂલા પડી જવાય. આપણી પર કૃપા છે કે મહારાજના ધામમાંથી પધારેલા દિવ્યપુરુષનો આપણને જોગ થયો છે. તો બસ એમને લૂંટીને અનુભવજ્ઞાનની દૃઢતા કરી લઈએ.

(ક્રમશઃ)

## સ્ટાફ પ્રવાસ



તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ સંસ્થાના ઘરધણી મુક્તો માટે સંસ્થાના નૂતન મંદિર મોડાસા ખાતે પ્રવાસ કમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ દિવ્ય સાંનિધ્ય શિબિરની જેમ ઘરધણી સ્ટાફ મુક્તોને લાભ આપી સુખિયા કર્યા હતા. ઠાકોરજી જમાડ્યા બાદ દ્વિતીય સેશનમાં ઍક્ટિવિટીનો લાભ લીધો. આમ, આજના પ્રસંગે ૫૪૫થી વધુ મુક્તો દિવ્ય સંભારણાં લઈ છૂટા પડ્યા હતા.

## SBS Spiritual Camp

'ગુરુજીના રાજીપામાં જ રહેવું છે, **SMVS** માટે જ જીવવું છે.' બાલ્યાવસ્થાથી જ આવાં સ્વપ્નાં સેવતી બાળસિંહોની સેના એટલે SBSના બાળમુક્તો. આવા બાળમુક્તોના આધ્યાત્મિક ઘડતર માટે તા. તા. ૨૮-૧૨-૨૦૨૪ અને તા. ૨૯-૧૨-૨૦૨૪ એમ બે દિવસ દરમ્યાન SBS Spiritual Campનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં વ્હાલા ગુરુજીના સંકલ્પે કથાવાર્તા, વિડિયો દર્શન, ઍક્ટિવિટી તથા વર્કશૉપના માધ્યમે અલગ અલગ ક્લાસરૂમમાં પૂ. સંતો દ્વારા દિવ્યભાવની પ્રૅક્ટિકલ ઍક્ટિવિટી કરાવવામાં આવી હતી. કેમ્પના બીજા દિવસે અનાદિમુક્ત વિશ્વમ્ - મોડાસા ખાતે SBS Picnicનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વૃક્ષારોપણ કર્યું હતું. આમ, કુલ ૧૭૦થી વધુ બાળ-બાલિકામુક્તો આ કેમ્પનો લાભ લઈ વ્હાલા ગુરુજીને રાજી કરવાના સંકલ્પમાં વધુ પરિપક્વ બન્યાં હતાં.

**અનુભવી વગર અનુભવજ્ઞાન સિદ્ધ ના થાય.**



# Emotional Intelligence

બેટા, મોટો થઈ ડૉક્ટર બનજે હોં !

બેટા, મોટો થઈ ખૂબ પૈસા કમાજે હોં !

બેટા, મોટો થઈ તારી કેરિયર ખૂબ ઉજ્જવળ બનાવજે હોં !

બેટા, મોટો થઈ સારામાં સારો ધંધો કરજે હોં !

માબાપ તરફથી મળતાં આ વચનો બુદ્ધિક્ષમતાનો આંક વધારવા પ્રેરિત કરે છે. આજે માબાપ પોતાના બાળકને બુદ્ધિકક્ષાએ આગળ વધારવા શિખામણ આપે છે, ભલામણ કરે છે કારણ કે શાળા-કૉલેજથી માંડી દરેક ક્ષેત્રમાં II (Intellectual Intelligence) કહેતાં બુદ્ધિક્ષમતાનો આંક પ્રથમ જોવામાં આવે છે પરંતુ EI (Emotional Intelligence) કહેતાં લાગણીક્ષમતાનો આંક કોઈ ધ્યાનમાં લેતું નથી હોતું. પરંતુ માબાપ જો બાળકને સાથે સાથે એટલું શીખવે કે, બેટા, વાણીમાં વિવેક રાખજે, સૌની નિઃસ્વાર્થભાવે સેવા કરજે, કોઈ મદદ કરે તેનો ઉપકાર જીવનભર ભૂલતો નહિ, સૌના ગુણોનું ગાન કરજે; તો સોનામાં સુગંધ ભળી જાય. લાગણી સોતી બુદ્ધિક્ષમતા સફળતાના શિખરે પહોંચાડી દે.

II દ્વારા પૈસા ભેગા કરી શકાય છે પરંતુ અન્યની સાથેના સંબંધો સાચવવા માટે તો EI જ વધારે મહત્ત્વ ધરાવે છે.

દરેક ક્ષેત્રે II (Intellectual Intelligence) કરતાં EI (Emotional Intelligence) કેળવવાનું મહત્ત્વ જીવનમાં ચારગણું વધુ છે.

બહુધા મનુષ્યો પોતાના જીવનમાં II અર્થાત્ બુદ્ધિકક્ષાને વધુ મહત્તા આપે છે. તેથી તેનો આંક કેવી રીતે વધે તેના પ્રયત્નમાં જ રહેતા હોય છે. પરંતુ વાસ્તવમાં રોજિંદા જીવનમાં દરેક ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા માટે II કરતાં EI અર્થાત્ લાગણીકક્ષાનો સ્તર ઊંચો લઈ જવો ખૂબ જરૂરી છે.

'The man is an emotional animal.' અર્થાત્ 'માનવી એક લાગણીશીલ પ્રાણી છે.' પ્રેમ, સહાનુભૂતિ, ખુશી, દયા, આત્મવિશ્વાસ, વાણીમાં માધુર્ય વગેરે જેવી સકારાત્મક લાગણી વ્યક્તિને સફળતાના શિખરે પહોંચાડી દે છે. જ્યારે ક્રોધ, અકળામણ, પૂર્વાગ્રહ, આવેશ, શંકા-કુશંકા, વાણી પરનો અસંયમ જેવી નકારાત્મક લાગણીઓ વ્યક્તિને પતનના માર્ગે દોરી જાય છે. વ્યક્તિ જેવી લાગણીથી અન્ય સાથે વ્યવહાર કરે છે તેવી જ લાગણી સાથેનો વ્યવહાર તેને પ્રાપ્ત થતો હોય છે.



મીઠા બોલ બોલજો એટલે મીઠા પડઘા સંભળાશે.

આવી નકારાત્મક લાગણીઓને જાણી, સમજી તેને નિયંત્રિત કરી સકારાત્મક લાગણીઓને વિકસાવવાની કળાને EI (Emotional Intelligence) તરીકે ઓળખવામાં આવે છે.

ઈ.સ. ૧૯૯૦માં સૌપ્રથમ વાર ઈમોશનલ ઈન્ટેલિજન્સનો કૉન્સેપ્ટ ચલણમાં આવ્યો. એ પછી જાણીતા સાઈકૉલૉજિસ્ટ અને લેખક ડેનિઅલ ગૌલમૅને EI Emotional Intelligence : Why it can matter more than IQ (Intelligent Quotient) નામના પુસ્તકમાં વિગતે આ કૉન્સેપ્ટને સમજાવ્યો છે.

ગૌલમૅને દાવો કર્યો હતો કે સફળતા માટે II કરતાં EIનું મહત્ત્વ ચારગણું વધુ છે. તમે બુદ્ધિક્ષમતા દ્વારા બિઝનેસ શરૂ કરી શકો છો, તમારા સ્વપ્ન પ્રમાણેની જૉબ મેળવી શકો છો. પરંતુ બિઝનેસને ટોચ પર લઈ જવા, જૉબ પર ટકી રહેવા, તમારો વિકાસ કરવા માટે લાગણીકક્ષાનું સ્તર ઊંચું હોવું જરૂરી છે.

બુદ્ધિ, શક્તિ, આવડતના બળે ગમે તેટલો મોટો વ્યવસાય જમાવ્યો હોય પરંતુ જો આપણો સ્વભાવ ચીડિયો, ઝઘડાળુ, શંકાશીલ, નાની નાની વાતે વ્યગ્ર થઈ જવાનો, સૌને જેમ ફાવે તેમ બોલી નાખવાનો અથવા ગુસ્સાવાળો હશે તો ન તો ગ્રાહકો આપણાથી સંતુષ્ટ થાય, ન તો કર્મચારીઓ. અંતે વ્યવસાય ચાલે પણ વિકાસ નહિ થાય.

આવું જ આપણા ઘર-પરિવારમાં પણ થાય !! બુદ્ધિ, શક્તિ, આવડતના બળે કદાચ ઘરમાં સંપત્તિનો ભંડાર ભરી દઈશું પરંતુ આપણને અરસપરસ પરિવારના સભ્યો સાથે સ્નેહ, પ્રેમ, સહાનુભૂતિ, ખુશી, મર્યાદાભાવ, વિવેકસભર મીઠી વાણીથી વ્યવહાર કરતા નહિ આવડે તો ઘર ચાલશે પરંતુ ઘરમાંથી સુખ-શાંતિ ચાલ્યાં જશે.

**● Emotional Intelligenceનું મહત્ત્વનું પાસું – વાણી**

આપણે જોયું હશે કે કોઈ એક જ ક્ષેત્રમાં સમાન પોસ્ટ પર કામ કરતી બે વ્યક્તિઓમાંથી કોઈ એક વ્યક્તિને ખૂબ જલદી પ્રમોશન મળી ગયું હોય છે !

એક જ ઘરમાં રહેતાં બે પુત્રવધૂઓમાંથી એકે સૌના હૃદયને જીતી લીધું હોય છે !

એક જ માતાની કૂખે જન્મેલા બે પુત્રોમાંથી એકે માબાપના ‘વ્હાલા દીકરા’ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હોય છે !

આવું બનવા પાછળનું કારણ તપાસીએ તો મોટેભાગે વાણી જ હોય છે.

પરિવારમાં સૌના વડીલ, લીડર, ઘરના મોભી કે જવાબદાર વ્યક્તિ હોવું એ જીવનની સફળતાનું માપદંડ નથી પરંતુ સૌની સાથે પ્રેમભર્યો, મૃદુ અને નમ્ર વાણી-વ્યવહાર કરી શકીએ એ જ માનવજીવનની સફળતા છે. દરેક મનુષ્યે અન્ય મનુષ્ય સાથે એક માનવતાભર્યો વ્યવહાર આચરવો જોઈએ. આપણે અનુભવ્યું હશે કે ઘણી વ્યક્તિ આવે ત્યાં શાંતિ છવાઈ જાય. જ્યારે ઘણી વ્યક્તિ સ્થાન છોડીને જાય ત્યારે શાંતિ સ્થપાઈ જાય.

એક પરિવારમાં બે પુત્રવધૂ સંપીને રહેતાં. મોટાં પુત્રવધૂ ખૂબ ભણેલાં, બુદ્ધિશાળી અને વિશેષ આવડત ધરાવતાં હતાં. જેમની સરખામણીમાં નાનાં પુત્રવધૂ પાસે વિશેષ ખાસ કોઈ આવડત નહોતી. તેથી બંનેની અન્ય સાથે કામ લેવાની પદ્ધતિ સાવ જુદી પડતી. મોટા પુત્રવધૂનો સ્વભાવ કામ પૂરતું કામ ! કામ પૂર્ણ થઈ ગયા પછી કોઈ સાથે પ્રેમથી બોલવું, કોઈના ખબરઅંતર પૂછી લાગણી બતાવવી આવી બધી બાબતમાં તેઓ માનતા નહીં. તેમને પોતાના ભણતરનું અભિમાન રહેતું. જ્યારે નાનાં પુત્રવધૂ મધ્યમ પરિવારમાંથી ઊછરીને આવેલાં તેથી મળતાવડો સ્વભાવ. માટે બધાને પ્રેમથી બોલાવવા, મીઠી વાણીથી સૌના હૃદયને જીતી સૌને રાજી કરવા વગેરે તેમને વારસામાં મળેલું. ટૂંકમાં, તેમની લાગણીક્ષમતાનો આંક ઘણો ઊંચો હતો.

કોઈ અતિથિ કે પડોશી ઘરે આવે તો નાના પુત્રવધૂને જ પ્રથમ મળવા જાય. તે ઘરમાં ન દેખાય તો તેઓ ક્યાં છે ? કહી તેમની પ્રશંસા કરવા લાગતા. આ બધું સમયાંતરે મોટા પુત્રવધૂને આંખના કણાની માફક ખૂંચવા લાગ્યું. તેમણે એક વખત પ્રસંગોપાત્ત નાના પુત્રવધૂને સંભળાવી દીધું કે, “તને નથી લાગતું કે તું બધા સાથે વધારે પડતા વ્યવહાર કરી રહી છે ? બધા તને જ બોલાવે, મળવા આવે, તારાં જ વખાણ કરે ! હું તારાં કરતાં મોટી છું. માટે આ બધા ઍક્સેસ વ્યવહાર તારે બંધ કરી દેવા જોઈએ.” નાના પુત્રવધૂએ તેમને પ્રેમથી સમજાવ્યાં કે, “ભાભી, વ્યક્તિ જ્યાં હૂંફ ને સ્નેહ ભાળે ત્યાં જાય. આપ પણ વ્યવહારકુશળ છો. આપના વ્યવહારમાં પ્રેમ ભેળવી દો તો સૌ આપની સાથે પણ સારા વ્યવહાર કરશે. આપને મળવાનું પણ પસંદ કરશે.”

જોયું, સૌના પ્રિયપાત્ર બનવા માટે બુદ્ધિ-શક્તિ-આવડતની નહિ પરંતુ મીઠી વાણીભર્યા લાગણીસભર વ્યવહારની જરૂર પડે છે.

આવા તો ઘર ઘરના સળગતા પ્રશ્નો હોય છે. જેમાં વાણી જ કારણભૂત હોય છે. સુંદર ઘર કેમ બાંધવું એ આપણને

**એક વાર બોલતા પહેલાં બે વાર વિચારવું તો સારું જ બોલાશે.**

આવડે છે. એ ઘરમાં રંગ કેવો કરવો ? આરસ કેવો પાથરવો ? ફર્નિચર કેવું વસાવવું ? તે બધી ખબર પડે છે. પણ ઘરમાં સહુની સાથે સુખ-શાંતિથી કેમ જીવવું ? એ જ નથી આવડતું હોતું. ઘરમાં અશાંતિ ઊભી થવાનું મોટું કારણ છે – કડવી વાણી. વાસણના ખણખણાટ ઉપરથી તે વાસણ આખું છે કે તરડાયેલું તેની ખબર પડે છે તેમ વાણી ઉપરથી વ્યક્તિ મૂર્ખ છે કે શાણી તેની ખબર પડી જાય છે.

એક ચિંતક કહેતા કે, “હું પોતે ખરાબ શબ્દો ન બોલું એ પણ શાંતિ માટેનું યોગદાન છે.” આ વાક્યનું વાંચન-મનન કરી સ્વજીવનમાં આપણે દૃઢ સંકલ્પી બનીએ કે, ઘરમાં, નોકરીમાં, ધંધામાં કોઈ ગમે તેવું બોલે તોપણ આપણે તો એવું ન જ બોલીએ કે જેનાથી વાતાવરણ વધુ ઉગ્ર બને. તો વ્હાલા ગુરુજીનો આપણા માટેનો હૅપી ફૅમિલિનો સંકલ્પ જલદી સાકાર થાય.

ઘણી વાર એવું લાગે કે હું જે બોલું છું તે યોગ્ય જ હોય છે. વાંક સામેનાનો હોય છે. તો આપણે કેવી રીતે પોતાના લેવલને તપાસી શકીએ કે આપણે પોતે ક્યાં છીએ ? તો, અહીં એક ફાઈવ મિનિટ ક્વિક ટેસ્ટ આપવામાં આવી છે. જેમાં ૧૨ પ્રશ્નો છે. જેના જવાબ સ્વજીવનને ખૂબ ઝીણવટપૂર્વક તપાસી તટસ્થભાવે આપવાનો પ્રયાસ કરીશું. જેના દ્વારા આપણા EIનો (લાગણીક્ષમતાનો) આંક પણ માપી શકીશું.

| | હા | ના |
|---|---|---|
| ૧. શું હું કટાક્ષ કરું છું ? | ☐ | ☐ |
| ૨. શું હું નાની નાની વાતમાં વણમાગી શિખામણ આપ્યા કરું છું ? | ☐ | ☐ |
| ૩. શું હું વાત વાતમાં મારા કાર્યનાં વખાણ કરું છું ? | ☐ | ☐ |
| ૪. શું હું નાનકડી વાતને મોટી કરી ચર્ચાનો વિષય બનાવું છું ? | ☐ | ☐ |
| ૫. શું મને કોઈ ભૂલ દેખાડે ત્યારે તેને ઝઘડાનું સ્વરૂપ આપી દઉં છું ? | ☐ | ☐ |
| ૬. શું હું કોઈની સાથે વાત વાતમાં દલીલમાં ઊતરી પડું છું ? | ☐ | ☐ |
| ૭. શું હું કોઈની ખાનગી વાત બીજાની આગળ શેર કરું છું ? | ☐ | ☐ |
| ૮. શું મને નિકટના સભ્યોના મુક્ત મને છૂટથી ગુણાનુવાદ કરવા અઘરા પડે છે ? | ☐ | ☐ |
| ૯. ક્યારેક કોઈ મારી વાણીથી દુભાઈ જાય તો અંતરે દુ:ખી થવાને બદલે હું જ સાચો છું એવું ફલિત કરવા તેમને વધારે કટુ વચન કહી દૂભવું છું ? | ☐ | ☐ |
| ૧૦. શું હું અન્યની નકારાત્મક બાબતો બીજાની આગળ શેર કરું છું ? | ☐ | ☐ |
| ૧૧. શું મને કોઈ મદદ કરે ત્યારે સહજતાથી ‘Thank you’ બોલવું અઘરું લાગે છે ? | ☐ | ☐ |
| ૧૨. શું મારાથી કોઈ ભૂલ થાય ત્યારે Sorry, માફ કરજો, એવું બોલવામાં શરમ અનુભવાય છે ? | ☐ | ☐ |

ઉપરના તમામ પ્રશ્નોના જવાબના ‘હા’ માટે ૦ પોઈન્ટ અને ‘ના’ માટે ૧ પોઈન્ટ ગણવા. જો આપણો સ્કોર ૯થી ૧૨ પોઈન્ટની વચ્ચે હોય તો આપણે જીવનમાં વાણીનું મૂલ્ય સમજેલા છીએ. આપણો લાગણીનો આંક ઊંચો છે. જો આપણો સ્કોર ૫થી ૮ વચ્ચે હોય તો થોડા પ્રયત્ન કરીશું તો ચોક્કસપણે મીઠી, મૃદુ, વિવેકસભર, પ્રેમાળ વાણી બનાવી શકીશું. પરંતુ જો આપણો સ્કોર ૧થી ૪ની વચ્ચે હોય તો આપણે હજુ વધુ વાણીનું મૂલ્ય સમજવાની જરૂરિયાત છે.

લાગણીક્ષમતાનું મહત્ત્વનું પાસું વાણીનો આટલો મહિમા સમજ્યા પછી હવે જો આપણી વાણીમાં પરિવર્તન લાવવું હોય તો કયા ઉપાયો અજમાવવા જોઈએ ? તો,

૧. મારી વાણી છે તેનાથી હજુ વિશેષ મીઠી, મૃદુ, વિવેકી, પ્રેમાળ અને સકારાત્મક બનાવવાની જરૂર છે તેવી સ્વીકૃતિ કરતા થઈએ. નાના-મોટા કોઈ પણ સભ્ય વાણી સુધારા બાબતે રોકટોક કરે તો રાજી થકા સ્વીકૃતિ કરીએ.


૨. આપણી વાણીના કારણે ઊભા થયેલા દુ:ખદ પ્રસંગોને વારંવાર સ્મૃતિપટ પર લાવી યોગ્ય વાણી બોલવાના સંકલ્પને વધુ મજબૂત બનાવીએ.

૩. To notice a polite person. અર્થાત્ આપણી આસપાસ, ઘર-પરિવાર, નોકરી-ધંધા કે સત્સંગમાં રહેતા અમુક શ્રેષ્ઠ પાત્રોના જીવનનું અવલોકન કર્યા કરવું કે તેઓ કેવી રીતે બોલે છે ? કેવી ભાષા વાપરે છે ? કેવી વાણી ઉચ્ચારે છે ? અમુક પ્રતિકૂળ સંજોગોમાં કેવી વાણી વાપરી તેનો ઉકેલ ખૂબ સહજતાથી લાવે છે ? તેમની વાણી અને મારી વાણીમાં ક્યાં તફાવત પડે છે ? એમના જેવી વાણી બોલવા હવે શું કરવું ? વગેરે... આ માટે તેમની જોડે રહેવું જરૂરી નથી. તેમના જીવનને જોયા કરવું અને એમાંથી પ્રેરણા મેળવ્યા કરવી તે મહત્ત્વનું છે.

(અનુસંધાન પેજ નં. ૧૬ પર...)



**વાણીના ઘાવ કદી રુઝાતા નથી.**



# દિવ્યભાવની યાત્રા

હિમાલયનું એવરેસ્ટ શિખર ચઢવાની ઇચ્છા ધરાવનાર વ્યક્તિની પ્રાથમિક લાયકાત કઈ ? તો ઘરમાં ટાઢા પાણીએ નાહવાની તૈયારી. બસ એવું જ કંઈક અધ્યાત્મ માર્ગે છે. અધ્યાત્મનાં શ્રેષ્ઠ શિખરો સર કરવાં છે ?? સર્વત્ર દિવ્યભાવની દૃઢતા કરી પરભાવની દુનિયામાં મહાલવું છે ?? જો હા, તો તેની પૂર્વશરત છે પોતાની આસપાસ રહેતા પરિવાર, સત્સંગ તથા આપણી આસપાસમાં સાથે રહેતા સર્વે મુક્તોને વિષે દિવ્યભાવની દૃઢતા. જ્ઞાનસત્ર-૧૮ અન્વયે વ્હાલા ગુરુજીએ પોતાનો અંતર્ગત અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે, "અમારે તમને સહુને અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ લઈ જવા છે, તે અમારો સ્વાર્થ છે. તે માટે દિવ્યભાવ પરઠવાની શરૂઆત તમારા ઘર-પરિવારથી કરો. ઘરમાં અરસપરસ દિવ્યભાવ અને પ્રેમભર્યું વાતાવરણ હશે, અવરભાવના પ્રશ્નોથી પર થઈ ગયા હશો તો તમે પરભાવના માર્ગે આગળ વધી શકશો."

ગુરુજીએ જ્ઞાનસત્ર-૧૮ અન્વયે સર્વત્ર દિવ્યભાવ પ્રસરાવવાનું નવ્ય કાર્ય હાથ ધર્યું છે. તેઓએ ઓરડાના પદના શ્રીજીમહારાજનાં દિવ્ય વચનો, "બોલ્યા શ્રીહરિ રે..."ને સમગ્ર સમાજમાં વ્યાપક કરી તેને જીવંતતા બક્ષી છે. મહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તો, સ્વ-સ્વરૂપ તથા સ્થળ-સ્થાન આ પાંચેય સ્વરૂપમાં અવરભાવ ટાળી દિવ્યભાવની દૃઢતા કેવી રીતે કરવી ? તેનું વ્હાલા ગુરુજીએ સ્વયંનાં જીવનદર્શન દ્વારા તથા પ્રાયોગિક માર્ગદર્શન દ્વારા સમગ્ર સમાજને દિશાદર્શન સૂચવ્યું છે. શ્રીહરિના સંકલ્પે તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની કરુણાએ આજે સમગ્ર સમાજમાં દિવ્યભાવનો એક જબરજસ્ત માહોલ ખડો થયો છે. એમાંય હરિભક્ત સમાજ સત્સંગમાં, ઘર-પરિવારમાં તથા નોકરી-ધંધા પર દિવ્યભાવની દૃઢતા કરી જીવનપરિવર્તનની ચિનગારી પ્રગટાવી રહ્યો છે. આપણે તેમાંના બે પાત્રોના જીવનપરિવર્તનની ગાથા માણીએ.

મહારાજ અને ગુરુજીની કૃપાથી સેવકને ૮ વર્ષથી સત્સંગનો જોગ થયો. કારણ સત્સંગમાં આવ્યા પૂર્વે સેવકનો સ્વભાવ ખૂબ ગુસ્સાવાળો તથા મનમાની કરવાનો હતો. સત્સંગમાં આવ્યા પછી આંતરજીવનમાં વિષય પરત્વેની પાછી વૃત્તિ, જગત-સંસારથી અનાસક્તિ તથા અધ્યાત્મ માર્ગે જ આગળ વધવાની તાલાવેલી જાગી. પરંતુ ક્રોધી સ્વભાવ અને મનધાર્યું કરવાના સ્વભાવમાં કંઈ ખાસ સુધારો નહોતો. પરિણામે ઘરનાં મહિલા સભ્યો સેવકથી ડરતાં. તેઓની માગણી સામે મેં જોયું નથી પણ મને સેટ થાય એટલી જ વ્યવસ્થા તેઓને કરી આપું. વળી, તેઓને ક્યાંય જવા-આવવાનું હોય તો મને પૂછે ત્યારે મારી 'ના' ઉપર કદી ક્યાંય જઈ ન શકે પછી તે મંદિર પણ કેમ ન હોય !! એટલું જ નહિ, ઘરના સભ્યો બીમાર પડે તો તેઓ

સમાજમાં પરિવર્તનની ચિનગારી પ્રગટાવનાર – ગુરુજી.

મારી પાસે પૈસા માગતાય ખચકાટ અનુભવે. આ સ્વભાવ મને ઓળખાતા ન હતા કારણ, એક તો મારો અહંકાર ને બીજું પુરુષપણાનું ભાન.

પણ, ગુરુજીની કૃપાએ જ્ઞાનસત્ર-૧૮ના દિવ્ય લાભ પછી મારું જીવન મહદંશે પરિવર્તન થવા પામ્યું. મને મારી ભૂલો, મારો ક્રોધી સ્વભાવ, મનધાર્યું કરવાનો સ્વભાવ ઓળખાવા લાગ્યો. આજ સુધી મારા આ સ્વભાવે પરિવાર તથા સત્સંગમાં કેટલાયને દૂભવ્યા-દુખવ્યા હશે એ વિચારે પશ્ચાત્તાપ થવા લાગ્યો. બસ, હવે ગુરુજીનો સંકલ્પ છે, 'સર્વેને વિષેથી દેહદૃષ્ટિ ટાળી દિવ્યભાવની દૃઢતા કરવાનો તથા ઘરના સભ્યોમાં માતા તથા પત્નીનો ભાવ ટાળી મહારાજના મુક્ત સમજવા.' ગુરુજીના આ સંકલ્પને પૂર્ણ કરવા મારે જે જતું કરવું પડે તે કરીશ પણ ગુરુજીને અંતરથી રાજી કરી જ લેવા છે એવો દૃઢ સંકલ્પ થવા લાગ્યો.

ગુરુજીએ જ્ઞાનસત્રમાં સમગ્ર સમાજને આજ્ઞા કરી હતી તે મુજબ ઘરે જઈ સેવકે ઘરના સભ્યોને જમાડતા પ્રથમ વખત દંડવત કર્યા ત્યારે તેઓ અતિ આશ્ચર્ય પામી ગયાં. પછીથી સેવક દરરોજ ઘરમાં માતુશ્રી તથા ઘરના સભ્યને જમાડતા દંડવત કરે છે. સવાર, બપોર, સાંજ જમાડતા 'મીઠી વાણી' કીર્તન સાંભળું છું. હવે ઘરના સભ્યોની માંગ ધ્યાનમાં રાખી તેમનું બૅંક બૅલેન્સ પહેલેથી જ કરી આપું છું. ધાર્યું કરવાના સ્વભાવમાં પણ ગુરુજીની કૃપાએ ઘણો સુધારો થયો છે.

રાત્રે દરરોજની ટેવ મુજબ ઑફિસેથી આવી સ્નાન કરી તરત જમવાની થાળી તૈયાર જોઈએ. તેમાં આઘુંપાછું થાય તો ઘરમાં માતુશ્રી કે ધર્મપત્નીની જોડે બોલાચાલી થઈ જાય પણ હવે સંજોગવશાત્ એવું કંઈક થાય અને બોલાઈ જાય તો બંનેની હૃદયપૂર્વક ચરણસ્પર્શ કરી માફી માગી લઉં છું. આ બધા જ સ્વજીવનના પરિવર્તનનો શ્રેય ગુરુજીના ચરણે સમર્પિત છે, ગુરુજી ન મળ્યા હોય તો !!! આવું વિચારતા પણ શરીરમાંથી કંપારી છૂટી જાય છે. મહારાજ અને ગુરુજીના દિવ્ય ચરણોમાં પ્રાર્થના કે સેવકના જીવનમાં દિવ્યભાવની દૃઢતા દિન-પ્રતિદિન વધતી જાય એવી કૃપા વહાવો.

– બ્રિજેશભાઈ મહિપતભાઈ ગજ્જર (ચાંદખેડા)

સેવક માત્ર ૪-૬ મહિનાથી જ આ કારણ સત્સંગના યોગમાં આવ્યા છે. આ સત્સંગનો રંગ તો જીવમાં લાગવા મંડ્યો છે. સેવકે સંજોગવશાત્ જ્ઞાનસત્રનો ઑનલાઇન ઘરે બેઠા લાભ લીધો હતો. તેમાં 'મીઠી વાણી' કીર્તન મારા હૃદયને સ્પર્શી ગયું.

સત્સંગના યોગ પૂર્વે સેવકનો સ્વભાવ બધાના અભાવ-અવગુણ ગાવાનો ખૂબ હતો. ઑફિસમાં કોઈ પણ બે સભ્યો વચ્ચે કોઈ પ્રસંગ બને કે કોઈથી કંઈ પણ ભૂલ થાય તો તરત હું અમારા લીડર મેમને જઈ તેની ફરિયાદ કરી આવું. આ સ્વભાવ મારો વર્ષો જૂનો હતો. હું આ બહુ ખોટું કરું છું તેવું પણ મને લાગતું જ ન હતું. પરિણામે સહકર્મચારીઓની ફરિયાદ કરી કરીને તેઓએ મૅડમ તરફથી મળતા રિસ્પેક્ટને (સન્માનને) ગુમાવી દીધેલું.

આ મીઠી વાણી કીર્તન સાંભળ્યા પછી મેં નક્કી કર્યું કે, 'મારે હવે કેંચી (કાતર) બનવાનું કામ છોડી સોય-દોરાનું કામ કરવું છે.' થોડા સમય પૂર્વે અમારી ઑફિસમાં બે વ્યક્તિ વચ્ચે થોડા પ્રશ્નો સર્જાતાં સામસામે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ. બે પક્ષ પડી ગયા. મૅડમને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ વાતની ખરાઈ કરવા મને બોલાવી પૂછવા લાગ્યાં કે, ''આમાંથી સાચો કોણ ને ખોટો કોણ ?'' ત્યારે સેવકે એટલું જ કહ્યું, ''મૅડમ, મને માફ કરજો, આજ સુધી મેં બહુ કેંચીનું (કાતરનું) કામ કર્યું; હવે મારે સોય-દોરાનું કામ કરવું છે. માટે આ બાબતે આપ અન્યને પૂછી સાચો નિર્ણય લઈ શકો છો. બે પક્ષ વચ્ચે સમાધાન કરવાનું થાય તો હું તમને જરૂર મદદ કરીશ.'' મૅડમે મારી આ વાત સાંભળી પોતાની સીટ પરથી ઊભા થઈ મને રિસ્પેક્ટ સાથે સલામ કર્યું અને ધન્યવાદ આપ્યા. મારી ટીમના સભ્યો પણ રાજી થઈ ગયા અને મને પૂછવા લાગ્યા, ''મૅડમ, તમે સ્વામિનારાયણના સત્સંગમાંથી આ બધું શીખો છો ?'' ત્યારે સેવકે હા કહી. પછી તો સત્સંગ તથા ગુરુજીના મહિમાની ખૂબ વાતો કરી.

સેવકના જીવનમાં પરિવર્તન લાવવા બદલ...

Thank You Maharaj,Thank You Guruji.

– મહિલા હરિભક્ત


આ બંને પાત્રોના જીવનમાં જે પરિવર્તન આવ્યું તેનું મુખ્ય કારણ ગુરુજીના રાજીપાનો વિચાર. બસ, મારે મહારાજ ને ગુરુજીના આ સંકલ્પમાં ભળી ગુરુજીને અંતરથી રાજી કરી લેવા છે આ વિચારે બંને પાત્રો સ્વજીવનમાં બહુ મોટો બદલાવ લાવ્યા, પરિણામે જીવન આનંદથી ભરાઈ ગયું. ગુરુજીના સંકલ્પે આજે સમગ્ર સમાજ દિવ્યભાવની દુનિયામાં ગરકાવ થઈ રહ્યો છે. સ્વયંએ વિચાર કરવો કે ક્યાંક આપણે તો આ દુનિયામાં ગરકાવ થવામાં બાકાત નથી રહી જતા ને !!

## સંસ્થા ગૌરવ

### આયુષી નિલેષભાઈ પટેલ – વડોદરા

વડોદરા સેન્ટરનાં બાલિકામુક્ત આયુષીબેને માત્ર ૮ વર્ષની ઉંમરે દિલ્હી ખાતે UCMAS દ્વારા આયોજિત ઇન્ટરનૅશનલ કૉમ્પિટિશન ૨૦૨૪ અંતર્ગત abacus મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં ભાગ લઈ શ્રેણીમાં તૃતીય ક્રમે ઉત્તીર્ણ થઈ સંસ્થાનું તથા પરિવારનું ગૌરવ વધારેલ છે. ભવિષ્યમાં તેઓ પોતાની કારકિર્દીમાં વધુ ને વધુ યશકલગી ઉમેરતાં રહે એવી શ્રીજીમહારાજ તથા વ્હાલા ગુરુજીના ચરણે પ્રાર્થના.

# સ્વામી, ચિંતા ન કરો



ઈ.સ. ૨૦૧૬ના એપ્રિલ માસનો આ પ્રસંગ છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ઑસ્ટ્રેલિયા ખાતે સત્સંગ વિચરણ અર્થે પધાર્યા હતા. આ ઑસ્ટ્રેલિયા વિચરણમાં વ્હાલા ગુરુજી સંગે અન્ય ચાર સંતોમાં એક નવદીક્ષિત સંતને વિચરણનો લાભ મળ્યો હતો. અહીં મેલબોર્ન ખાતે રવિવારે સવારે ૮થી ૧૨ દરમ્યાન સમસ્ત ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડના સત્સંગ સમાજની શિબિરનું આયોજન ગોઠવાયું હતું. જેમાં વ્હાલા ગુરુજી સવારથી જ સૌ સંતો-હરિભક્તોને દર્શન-આશીર્વાદ અને કથાવાર્તાનો લાભ આપી સુખિયા કરવાના હતા.

આગલી રાત્રે વ્હાલા ગુરુજીની સાથે સેવામાં રહેલા સેવક સંતની તબિયત વધુ નાદુરસ્ત જણાતાં તેઓને હૉસ્પિટલાઇઝ કરવા પડ્યા. સંતોએ જોડ વિના ક્યાંય ન જવાય એ ન્યાયે બે સંતો હૉસ્પિટલ રોકાયા હતા. ગુરુજીની અંગત સેવા અને ઠાકોરજીના થાળ બનાવવાની સેવા નવદીક્ષિત સંતના શિરે આવી. વ્હાલા ગુરુજીએ પરિસ્થિતિ પારખી રાત્રે જ એ સંતને કહી દીધું કે આવતી કાલે બપોરના થાળમાં માત્ર વઘારેલી ખીચડી ને થેપલાં કરી દેજો. સવારમાં જ થાળ બનાવી દેજો. બપોરે ઠાકોરજીને ધરાવી દઈશું. પરંતુ દાળ, ભાત, શાક, રોટલી ન બનાવતા; આપને તકલીફ પડશે. વ્હાલા ગુરુજીની અન્યના સ્થાને બેસવાની રીતનાં દર્શનથી નવદીક્ષિત સંતનું અંતર ભીંજાઈ ગયું. ઉતારાના સ્થળથી શિબિરનું સ્થળ થોડે દૂર રાખવામાં આવ્યું હતું. બીજા દિવસે સવારે આ સંત વહેલા ઊઠી દૈનિક સેવા, ગુરુજીની સેવા તેમજ રસોડાની સેવામાં વ્યસ્ત બન્યા. બપોરના થાળ માટે પૂ. સંતે સવારથી જ વઘારેલી ખીચડી ને થેપલાં બનાવીને તૈયાર કરી દીધાં. વ્હાલા ગુરુજી શિબિરમાં લાભ આપવા અતિ ઉતાવળા બન્યા હોઈ; નવદીક્ષિત સંત સાથે ઉતારા સ્થળેથી શિબિર સ્થળે જવા રવાના થયા. તમામ શિબિરાર્થી મુક્તોને ત્રણ કલાક સુધી કથાવાર્તાનો લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજી પિરસણ લીલા માટે પધાર્યા.

અવરભાવમાં આ ઉંમરે વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત વિચરણ વચ્ચે પણ પોતાના સ્વાસ્થ્ય સામે કદી જોયું નથી. અલ્પાહાર લીધા વિના સળંગ ત્રણ કલાક સુધી એકધારી કથા કરવી એ સહજ તો ન જ ગણાય. આ સ્થાને આપણે હોઈએ તો ? પરિસ્થિતિ કંઈક જુદી જ હોય. પિરસણ લીલા બાદ

અનંત 'મા'ના પ્રેમ આ ગુરુજી સામે ઝાંખા પડે.

ઉતારા સ્થળે પહોંચતાં બે વાગી ગયા. નવદીક્ષિત સંતે ઉતાવળમાં હરિકૃષ્ણ મહારાજને થાળ કર્યો ને પછી વ્હાલા ગુરુજી ઠાકોરજી જમાડવા માટે બિરાજ્યા.

નવદીક્ષિત સંત વ્હાલા ગુરુજીને હરખભેર પીરસવા લાગ્યા. ગુરુજી પણ જમાડવા લાગ્યા. જમાડ્યા બાદ વ્હાલા ગુરુજી આસને પણ પધારી ગયા. ત્યારબાદ પેલા સંત ઠાકોરજી જમાડવા બિરાજ્યા. નવદીક્ષિત સંતને પ્રથમ ગ્રાસ મુખમાં મૂકતાં જ અંતરમાં અરેરાટી થઈ ગઈ અને મનોમન મહારાજને તથા ગુરુજીને પ્રાર્થના કરવા લાગ્યા :

'અરરરર... મહારાજ, આ સેવક તો ઉતાવળમાં સવારે ખીચડીમાં મીઠું નાખવાનું જ ભૂલી ગયા છે. ક્ષમા કરજો મહારાજ. મેં આપને આવી ખીચડી જમાડી ? માફ કરજો ગુરુજી. મારાથી મહારાજનો ને આપનો અપરાધ થઈ ગયો. ગુરુજી, આપે તો સવારનું કાંઈ જમાડ્યું ન હતું. છ કલાકે જમાડવાનો મેળ પડ્યો અને તોય આવી મોળી ખીચડી જમાડી લીધી. એક હરફ પણ ન ઉચ્ચાર્યો ! મારા આગ્રહથી આપ બે-ત્રણ વાર લેતા રહ્યા. છતાં મને ટકોર પણ ન કરી. એક વાર ટકોર કરીને મને ભૂલ તો ઓળખાવવી હતી ! તો હું સુધારો પણ કરી લેત. મારા આગ્રહની સામે આપનું નિઃસ્વાદીપણું અડગ રહ્યું. આપને જમાડવાની સેવાનો લાભ મળ્યો એ પણ સેવક સાચવી ન શક્યો. ક્ષમા કરજો મહારાજ. માફ કરજો ગુરુવર... મુજ દીન બાળકની સામે આપનું માતૃવાત્સલ્ય ઝળહળી ગયું. નિજ દાસની ભૂલને ક્ષમા કરી નિભાવી રાખજો નાથ !'

અંતરમાંથી નીકળતી પ્રાર્થનાના ઉદ્‌ગાર સાથે આંખોના ખૂણા ભીના થયા. થોડી વાર બાદ વ્હાલા ગુરુજી સામેથી રસોડામાં પધાર્યા અને આ સંતની વ્યથા જાણી તેમના મસ્તક પર હસ્ત મૂક્યો અને કહ્યું, "સ્વામી, કેમ ચિંતા કરો છો ? કાંઈ નથી થયું. આમ કેમ રડો છો ? મહારાજની ઇચ્છા. જે થવાનું હતું તે થઈ ગયું." વ્હાલા ગુરુજીએ સંતના મસ્તકે હસ્ત મૂકી દુઃખી ન થશો એમ કહ્યું. અને બાજુમાં પડેલું થોડું ફરસાણ પ્રસાદીનું કરી, મહારાજને ધરાવી બધા સંતોને પીરસ્યું. આગ્રહપૂર્વક જમાડ્યા અને બધાને રાજી કર્યા. ધન્ય હો ગુરુજી આપના માતૃવાત્સલ્યને !

"પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે."

આ દિવ્યપુરુષે કદી નિજની સામું જોયું જ નથી. હંમેશાં આપણને સૌને સુખિયા કરવા દાખડા કર્યા જ કરે છે. પોતે ફિક્કી ખીચડી જમાડી અને સંતોને પ્રેમથી ફરસાણ જમાડ્યું. એક શિષ્ય તરીકે આપણા તરફથી ગુરુજીને ભીડો તો નથી પડતો ને તે અંગે આપણે અચૂક વિચારવું જ રહ્યું. મારા કારણે ગુરુજીને દાખડો તો નથી થઈ રહ્યો ને ? ગુરુજીને જે ભીડો પડે છે તેમાં હું ક્યાં ક્યાં જવાબદાર છું ? આ બાબતે વિચાર કરીશું ત્યારે જ આપણે શિષ્ય તરીકેની ફરજ અદા કરી ગણાશે.

(અનુસંધાન પેજ નં. ૧૨ પરથી...)

૪. જજમૅન્ટલ ન બનીએ. ઘણી વાર કોઈ બાબતનો નિર્ણય આપવાની જવાબદારી આપણને સોંપી ન હોય એવા સંજોગોમાં સીધી નિર્ણયાત્મક વાણી બોલી નાખતા હોઈએ. દા.ત. ઘરમાં ફ્રિજ વસાવવા જેવી બાબતની ચર્ચામાં સીધો નિર્ણય આપી દઈએ, એક ફ્રિજ વસાવી દો. પણ એના બદલે 'એક ફ્રિજ વસાવી દઈએ તો કેવું ? આવું કરવું છે ?' આવી Questionary language (પ્રશ્નોત્તરી વાણી) અજમાવતા થઈએ.

૫. Think before you speak, Think while you speak, Think after you speak અર્થાત્ બોલતા પહેલાં વિચારો – હું આવું બોલીશ તો તેનું પરિણામ શું અને કેવું આવશે ? સામેવાળા તેને કેવી રીતે લેશે ? સામેવાળાને દુઃખ નહિ લાગે ને ? બોલતી વખતે વિચારો, હું આ બોલું છું તે ખરેખર સામેની વ્યક્તિને ગમે, રુચે તેવું બોલું છું ? બોલ્યા પછી વિચારો, હું જે બોલ્યો તે બરાબર હતું ? મારે આના બદલે આવું બોલવું જોઈતું હતું. આ એક પ્રકારનું ઍનાલિસિસ છે. જેનાથી દિવસે દિવસે આપણી વાણીમાં સુધારો-બદલાવ આવવા જોઈએ.

મોરારજીભાઈ દેસાઈ કહેતા, "આપણા બોલવાથી સામેની વ્યક્તિને માઠું લાગે ત્યારે તેનો દોષ ન જોતાં આપણી કહેવાની રીતમાં ક્યાં ભૂલ રહેલી છે એ શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ."

એક વાત યાદ રાખીએ. આપણી વાણી જ આપણા વ્યક્તિત્વની ઓળખ છે.



# મારા મહારાજ

## બાળ વિભાગ

વ્હાલા બાળમુક્તો, જય સ્વામિનારાયણ. આજે આપણે ઠાકોરજીને વિષે કેવી પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ કરવી જોઈએ ? તેનો પ્રસંગ જોઈશું અને તેને સ્વજીવનમાં ઉતારીશું.

ઈ.સ. ૧૯૮૧. ગુજરાતનું ભૂજ શહેર. શિયાળાની કડકડતી ઠંડીનો સમય. ભૂજમાં રણને લીધે ઠંડીનો અનુભવ વધુ થાય. રસ્તા પર લોકો તાપણાં કરી રહ્યા હતા. તો કોઈ શાલ-ટોપી ને સ્વેટર પહેરી ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા હતા. ભૂજમાં એ સમયે આપણી સંસ્થાનું એકેય મંદિર નહિ, માત્ર જમીન હતી. વ્હાલા ગુરુદેવ અને ગુરુજી સત્સંગ વિચરણ અર્થે ત્યાં પધાર્યા હતા. આપણી જમીન પર ઉતારાની રૂમ માટે બાંધકામ ચાલુ હતું. ગુરુદેવ અને ગુરુજી ઉતારા માટે કોઈ રૂમની કહેતાં સત્સંગીના ઘરની તપાસ કરાવી રહ્યા હતા. જેથી ૧૦-૧૫ દિવસ રોકાઈને સત્સંગ કરાવી શકાય તેમજ ઉતારાની રૂમના બાંધકામ પર દેખરેખ પણ રાખી શકાય. તપાસ કરતાં ભૂજના પીતાંબરદાસ ચેવડાવાળા ખૂબ પ્રસિદ્ધ હતા. તેઓ સ્વામિનારાયણના સત્સંગી હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીએ તેઓ સમક્ષ ઉપરોક્ત પરિસ્થિતિ રજૂ કરી.

એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના પીતાંબરદાસે પોતાના બે માળના મકાનમાં ઉપરના માળે પોતાનો સામાન ખાલી કરી ગુરુદેવ અને ગુરુજીને ઉતારા માટેની વ્યવસ્થા કરી આપી. તેઓના ઘરે ઠાકોરજીનું સિંહાસન ઉપરના માળે હતું. વળી, ત્યાં ગુરુદેવ અને ગુરુજી આસન પર બિરાજ્યા હતા. એવામાં પીતાંબરભાઈનો સૌથી નાનો ત્રીજા નંબરનો ૧૫ વર્ષનો દીકરો હરિકૃષ્ણ રાત્રિના ૯ વાગ્યે ત્યાં આવ્યો. ભૂજમાં સૌ કોઈ પોતપોતાના ઘરોમાં ઠંડીના કારણે પુરાઈ ગયા હતા. હરિકૃષ્ણએ ઠાકોરજીની મૂર્તિને શાલ ઓઢાડી ઠાકોરજીને પોઢાડી બે દંડવત કર્યા. એ સમયે ભૂજમાં લાઈટો ઘડીએ ઘડીએ જાય ને આવે એટલે હીટરની વ્યવસ્થા થઈ ન શકે. ઠાકોરજીને ઠંડી ન લાગે એ માટે હરિકૃષ્ણ કોલસા લઈ આવે. કોલસાને સગડીમાં નાખી સગડીને પ્રગટાવે. પૂંઠાની મદદ લઈ ગરમ હવા ઠાકોરજી બાજુ નાખે અને વાતાવરણ હૂંફાળું રાખવાનો પ્રયત્ન કરે. બહુ વધારે ઠંડી હોય ત્યારે તો હરિકૃષ્ણ આખી રાત ઠાકોરજીને ગરમ હવા નાખવાની સેવા કરે. ૧૫ દિવસના વિચરણ દરમ્યાન હરિકૃષ્ણને ઠાકોરજીની દિવ્યભાવે સેવા કરતા જોઈ ગુરુદેવ અને ગુરુજી અંતરથી ખૂબ રાજી થતા. હરિકૃષ્ણ સમયે સમયે ઠાકોરજીને થાળ ધરાવવાની સેવા કરે, જળ ધરાવવાની સેવા કરે, સ્નાન

કરાવે, ચાર વાગ્યે પ્રસાદ ધરાવે. એક વખત ગુરુદેવે હરિકૃષ્ણને પોતાની પાસે બોલાવી પૂછ્યું, "હરિકૃષ્ણ, અમે જોઈએ છીએ કે તું આખી રાત ઠાકોરજીની પ્રગટભાવે-દિવ્યભાવે સેવા કરે છે. તો તને થાક નથી લાગતો ? તને ઊંઘ નથી આવતી ? તું ઠાકોરજીની આટલી બધી ચિંતા કેમ રાખે છે ?" હરિકૃષ્ણે કહ્યું, "ના." વળી, ગુરુજીએ પૂછ્યું, "તું ઠાકોરજીની આટલી બધી ચિંતા કેમ રાખે છે ? ઘરમાં તો ઘણાબધા સભ્યો છે. તો તું એકલો સેવા કેમ કરે છે ? બીજા સભ્યોને પણ લાભ આપ." ત્યારે હરિકૃષ્ણે કહ્યું, "રાજી રહેજો. મહારાજ પ્રગટ છે. જો બીજા સભ્યો ઠાકોરજીની સેવા કરે તો મને લાભ મળતો બંધ થઈ જાય. આ ઠાકોરજીની સેવાનો લાભ મને મળે જ ક્યાંથી ? મારે તો મહારાજને ખૂબ રાજી કરી લેવા છે. આપ મારા માટે મહારાજને પ્રાર્થના કરજો કે મારી આ સેવા ક્યારેય ન છૂટે." આ તમામ સેવા જોઈ તથા હરિકૃષ્ણની પ્રાર્થના સાંભળી ગુરુદેવ અને ગુરુજીએ હરિકૃષ્ણ પર ખૂબ રાજીપો વરસાવ્યો અને આ સેવા કાયમ ચાલુ રાખવા માટે આજ્ઞા કરી.

જોયું બાળમુક્તો ! હરિકૃષ્ણએ ઠાકોરજીની કેટલા દિવ્યભાવથી સેવા કરી ! શું આપણે ઠાકોરજીની આવા દિવ્યભાવ સાથે સેવા કરીએ છીએ ? શિયાળામાં કહેતાં ઠંડીના સમયમાં મહારાજને શાલ ઓઢાડવી જોઈએ. ઉનાળામાં મહારાજ માટે એ.સી. કે પંખાની સગવડ કરવી જોઈએ. સમયે સમયે ઋતુ પ્રમાણેની જરૂરિયાત મુજબ ઠાકોરજીની સેવા કરીએ તેને પ્રગટભાવે સેવા કરી કહેવાય. તો ચાલો બાળમુક્તો, આજથી અને અત્યારથી જ આપણે ઘરમંદિરમાં રહેલા ઠાકોરજીની દિવ્યભાવે-પ્રગટભાવે સેવા કરવાનો નિયમ લઈ મહારાજ અને ગુરુજીનો રાજીપો મેળવીએ. તમે બધા બાળમુક્તો ઠાકોરજીની સેવાનો નિયમ લેશો ને ?

**'રાજીપાની અણમોલ તક'**

વ્હાલા ગુરુજીએ જ્ઞાનસત્ર-૧૮માં કરેલ આજ્ઞા મુજબ ઘરના સૌ સભ્યોએ એક ટાઈમ સાથે બેસી ઠાકોરજી જમાડવા. જમાડતી વખતે 'મીઠી વાણી' કીર્તન મૂકવું. અઠવાડિયામાં એક વખત ફૅમિલિ ટાઈમ સભા અચૂક કરવી.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. દિનેશભાઈ ગંગારામભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૦, નરોડા; તા. ૨૨-૧૨-૨૦૨૪ :** નરોડા સેન્ટરના પાયાની ઈંટ સમા ઘરધણી મુક્ત દિનેશભાઈ પટેલ મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓએ વર્ષો સુધી નરોડા મંદિરે SPS તરીકે સેવા બજાવી હતી. તેમજ ગુરુદેવ તથા ગુરુજીના વચનને અધ્ધરથી ઝીલી છેલ્લા ૩ વર્ષથી કોઠારી પદે સેવા નિભાવી અંતરના રાજીપાના પાત્ર બન્યા હતા. તેઓએ સ્વભાવે શાંત, સરળ અને મૃદુ બની, દાસભાવે રહી પૂ. સંતોને નિશ્ચિંત કર્યા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના દીકરા ફાલ્ગુનભાઈને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે.



**મૂ.નિ. ચતુરભાઈ ફૂલાભાઈ સોજીત્રા, ઉંમર વર્ષ-૭૦, સુરત; તા. ૨૭-૧૨-૨૦૨૪**

**મૂ.નિ. નિતીનભાઈ ચંદુલાલ દવે, ઉંમર વર્ષ-૬૪, કેનેડા; તા. ૧-૧-૨૦૨૫ :** કેનેડા ખાતે ટોરન્ટો મંદિરે સેવા બજાવી રહેલા નીતિનભાઈ દવે શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. પૂ. સંતોના વચને નીચી ટેલની સેવા બજાવી નિશ્ચિંતપણું અપાવી ગુરુદેવ તથા ગુરુજીના અંતરનો રાજીપો કમાયા હતા. અંતિમ સમયે વ્હાલા ગુરુજીએ આપેલા આશીર્વાદ મુજબ મહારાજ ધામમાં તેડી ગયા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના દીકરા જય તથા પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.



**મૂ.નિ. નીલાબેન મણિલાલ પટેલ, ઉંમર વર્ષ-૭૭, ઇસનપુર; તા. ૯-૧-૨૦૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



દિવ્યભાવે ઠાકોરજીની સેવા કરવાથી ઠાકોરજી સાથે નિકટતા કેળવાતી જાય છે.



# મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ : મોડાસા

અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક એટલે મોડાસા શહેર. જ્યાં કારણ સત્સંગનું નૂતન સોપાન ઉમેરાયું. સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ ને ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પે તેમજ વ્હાલા ગુરુજીની પ્રેરણાથી SMVS સ્વામિનારાયણ મંદિર મોડાસા ખાતે તા. ૨૨-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ ભવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો. સમસ્ત મોડાસા શહેરના આધ્યાત્મિક યાત્રાના મુમુક્ષુઓ માટે આજરોજ આત્યંતિક કલ્યાણ પામવાનાં દ્વાર ઉઘાડાં થયાં. મહાયાગ, સુવર્ણતુલા, છાબયાત્રા સહ શોભાયાત્રા, અન્નકૂટ, બ્લડ ડોનેશન કૅમ્પ અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં સહભાગી થવા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો ઊમટી પડ્યા. આ રહી આ દિવ્ય સ્થાનની વિકાસયાત્રાની આછેરી ઝલક.





### સત્સંગનો પ્રારંભ તથા વ્હાલા ગુરુજીએ અને પૂ. સંતોએ વેઠેલા દાખડા

એકમાત્ર ભગવાન સ્વામિનારાયણને ઓળખાવી, જીવાત્માને અનાદિમુક્તની સ્થિતિ કરાવવાના હેતુથી જ વ્હાલા ગુરુજી તેમજ પૂ. સંતો વિચરણ અર્થે પધારતા હોય છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુજી ઈ.સ. ૧૯૮૪માં સૌપ્રથમ વખત અરવલ્લી જિલ્લામાં કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના સંકલ્પે છ-સાત ગામોમાં વિચરણ અર્થે પધાર્યા હતા. સંસ્થાના પ્રારંભની એ પરિસ્થિતિ ઘણી વિકટ હતી. મોડાસાથી પાંચેક કિ.મી. દૂર સાયરા ગામે વ્હાલા ગુરુજીના સૌપ્રથમ વિચરણનું આયોજન થયું હતું.

આંખની ઓળખાણ પણ ન હતી ત્યાં ઉતારો પણ કોણ આપે ? આખો દિવસ વિચરણ કરીને થાક લાગ્યો હોય. જમવાનો મેળ પડે તો પડે ને ક્યારેક ન પણ પડે. સાયરા ગામે આખો દિવસ વિચરણ કર્યા બાદ માંડ માંડ ગાયો-ભેંસોની ગમાણમાં ઉતારાનો મેળ પડ્યો. વળી, ગુરુજીએ ગમાણને સ્વચ્છ કરી જાતે ખીચડી બનાવી થાળ કરીને જમાડી. પછી હરિભક્તોને મોડી રાત સુધી સત્સંગ કરાવ્યો. આમ, ગુરુજીએ અરવલ્લી જિલ્લામાં સત્સંગનો પ્રારંભ કર્યો હતો.

‘દીવો ત્યાં દાતણ નહિ’ એ ન્યાયે આજથી ૩૦ વર્ષ પૂર્વે મોડાસા શહેરની આસપાસના ગામોમાં વિચરણ કરી વ્હાલા ગુરુજીએ કારણ સત્સંગના બીજનું વાવેતર કર્યું હતું.

ગુરુદેવ પ.પૂ. બાપજી વ્હાલા ગુરુજીને અવારનવાર મોડાસા ખાતે પૂ. સંતોને વિચરણ અર્થે મોકલવાનો આગ્રહ જણાવતા. પરંતુ સંતોની અછતના લીધે શરૂઆતમાં તો વિચરણ બહુ ઓછું ગોઠવાતું. ઈ.સ. ૨૦૦૧માં વ્હાલા ગુરુજીએ પ્રથમ પૂ. નિર્માનસ્વામી પછી પૂ. નિષ્કામસ્વામી એમ બંને સંતોને માલપુરથી મોડાસા ખાતે સત્સંગ વિચરણમાં જવા અંગે આજ્ઞા કરી હતી. સ્વામિનારાયણ ધામ ખાતે ટેલિફોન વિભાગમાં સેવા બજાવતા જયંતિભાઈ પટેલના મિત્ર હરગોવિંદભાઈ એમ. પટેલ (એચ.એમ. પટેલ) મોડાસા ખાતે રહેતા. સૌપ્રથમ તેઓ સત્સંગમાં જોડાયા. હરગોવિંદભાઈના મિત્ર એટલે નીતિનભાઈ સોની. નીતિનભાઈની ધંધાકીય વ્યસ્તતાને લીધે પૂ. સંતો માલપુરથી નીકળી રાત્રે ૧૦ વાગ્યે તેમની ઑફિસે પહોંચી જતા અને ત્યાં સત્સંગ કરાવતા. સળંગ પંદર દિવસ સુધી ચાલેલા સત્સંગના યોગથી તેઓ પાયાની ઈંટ સમા ઘરધણી હરિભક્ત બની ગયા. ઈ.સ. ૨૦૦૦માં જ્યારે માલપુર ખાતે નૂતન મંદિર નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું ત્યારે સંતો અહીં પધારતા. ઘણી વાર ઉતારાની અગવડના લીધે રેતી તથા કપચીના ઢગલા પર સૂઈ જતા. રસોઈ ખુલ્લામાં બનાવવાની તથા નાહવા પણ બહાર ખુલ્લામાં જવું પડતું. પૂ. સંતોએ માલપુર, હિંમતનગર, મોડાસા, તલોદ, પ્રાંતીજ, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર, બાયડ તેમજ વીરપુરના અનેક તાલુકાઓ તથા રાજસ્થાનમાં ડુંગરપુર જિલ્લામાં અથાગ વિચરણ કરી ગુરુજી તથા ગુરુદેવના કાર્યક્રમો ગોઠવી અનેક મુમુક્ષુઓ તૈયાર કર્યા. આમ, ગુરુઆજ્ઞાએ પૂ. સંતોએ સત્સંગ વૃદ્ધિ માટે ઘણો દાખડો કર્યો.

### અઠવાડિક સત્સંગ સભાની શરૂઆત

પૂ. સંતોનું નિયમિત વિચરણ થતું હોવાથી સૌપ્રથમ સભા નીતિનભાઈ સોનીના ઘરે ગોઠવાઈ હતી. ઈ.સ. ૨૦૦૮થી સુરેશભાઈ સોનીને ત્યાં બાળસભાની શરૂઆત થઈ. ઈ.સ. ૨૦૦૯થી ૨૦૧૪ દરમ્યાન સંયુક્ત સભા તથા અઠવાડિક ફરતી સભાઓ પણ થતી. ઈ.સ. ૨૦૧૪થી વીરપુરવાળા પી.જે. પટેલના મકાનમાં સ્થાયી સભાની શરૂઆત થઈ. ધીરે ધીરે સંખ્યા વધવા લાગી. જેના ફળ સ્વરૂપે હવે જમીનની જરૂરિયાત જણાવા લાગી હતી.

### વ્હાલા ગુરુજીની પ્રથમ જાહેર સભા તથા જમીન સંપાદન

મોડાસા સેન્ટરમાં અકાઉન્ટન્ટ તરીકે સેવા બજાવતા સુરેશભાઈ સોની તેમના સમાજની વાડીમાં મંત્રી પદે સેવા આપી રહ્યા હતા. તેમના સહયોગથી શ્રીમાળી સોની સમાજ મિત્ર મંડળની વાડીમાં તા. ૨૬-૪-૨૦૦૬ના રોજ રાત્રે ૮થી ૧૧ દરમ્યાન વ્હાલા ગુરુજીની સૌપ્રથમ જાહેર સભાનું આયોજન થયું હતું. એ જ રીતે શ્રી ડી.કે. પટેલ સાહેબ કે જેઓ ગુજરાતી શાળા નંબર-૨માં (સરસ્વતી સ્કૂલમાં) શિક્ષક તરીકે નોકરી કરતા હતા. તેઓના સહયોગથી બીજી જાહેર સભા અહીં યોજાઈ હતી. આજરોજ મોડાસા ખાતે પધરામણી કર્યા બાદ માલપુર રોડ પરની જમીન પર મંદિર માટે દૃષ્ટિ કરવા પધાર્યા હતા. રાત્રિના સમયે વ્હાલા ગુરુજી નીતિનભાઈ સોનીના ઘરે મેડા ઉપર બિરાજ્યા હતા. એ સમે જમીન માલિક વ્હાલા ગુરુજીનાં દર્શને આવ્યા. વ્હાલા ગુરુજીએ તેઓને નૂતન મંદિરના નિર્માણનો સંકલ્પ જણાવતાં તેઓ રાજી થયા અને જમીન આપવાની તૈયારી બતાવી. મહારાજ ભેગા ભળ્યા અને જમીન સંપાદનની સેવા પૂર્ણ થઈ.

### વ્હાલા ગુરુદેવનું મોડાસા ખાતે પ્રથમ વિચરણ

મોડાસા સેન્ટરમાં સત્સંગ વ્યાપ વધતાં વ્હાલા ગુરુદેવ પણ ખૂબ રાજીપો જણાવતા. એ ન્યાયે તા. ૧-૪-૨૦૦૭ અને તા. ૧૫-૪-૨૦૦૭ એમ બે દિવસ દરમ્યાન વ્હાલા ગુરુદેવ મોડાસા



ખાતે અનંત મુમુક્ષુઓને દર્શનદાન દેવા પધાર્યા. આ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુદેવે ૪૫ હરિભક્તોના ગૃહે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણી કરી પ્રેમીભક્તોના સાંસાગોટિલા, કાલાવાલાનો સ્વીકાર કરી રાજીપો વરસાવ્યો હતો. ઈ.સ. ૨૦૦૩થી ૨૦૦૮ દરમ્યાન વ્હાલા ગુરુદેવ તથા ગુરુજીના સાંનિધ્યમાં અનેક કાર્યક્રમો થયા; પરિણામે અનંત મુમુક્ષુઓ સુખિયા થયા.

### શિલાન્યાસ સમારોહ તથા નિર્માણકાર્ય

અઠવાડિક સભાઓ અને પૂ. સંતોના અવિરત વિચરણથી સત્સંગ સમાજ ખૂબ વધ્યો. એ ન્યાયે હવે અહીં સત્સંગ કેન્દ્રની જરૂર જણાવા લાગી. તા. ૨૧-૯-૨૦૧૬ના રોજ આ ભૂમિ પર નૂતન મંદિરના નિર્માણનો શિલાન્યાસ સમારોહ ધામધૂમથી ઊજવાયો. આજરોજથી જ મોડાસા ખાતે નૂતન મંદિરના નિર્માણકાર્યની શરૂઆત થઈ અને દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની ઘડીઓ ગણાવા લાગી.

અંતે જુલાઈ, ૨૦૨૩માં ગુરુપૂર્ણિમાના અવસરે વ્હાલા ગુરુજીએ મોડાસા મંદિરના દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની તારીખો જાહેર કરતાં જ મોડાસાના સત્સંગ સમાજમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી. તા. ૮-૧૨-૨૦૨૪ના રોજ નગરજનોને આમંત્રણ આપવા માટે ૪૦૦થી વધુ હરિભક્તો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ. સંતો તેમજ પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા માલપુર તેમજ મોડાસાના તમામ ગામડાઓમાં ૮૦૦થી વધુ પધરામણીઓ કરી ઘેર ઘેર ફરી આમંત્રણ પત્રિકા આપી નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

### મહાયાગ તથા સુવર્ણ તુલા

તા. ૨૧-૧૨-૨૦૨૪ ને શનિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમ્યાન દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા અન્વયે નૂતન મંદિર ખાતે સ્વામિનારાયણ મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયાગમાં ૪૦૦થી વધુ યજમાન યુગલોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આજરોજ સંધ્યા સમયે સમસ્ત મોડાસાના હરિભક્તોના ઉત્સાહને વશ થઈ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ બે વખત સુવર્ણ તુલામાં બિરાજમાન થયા હતા. મહિલા વિભાગમાં પણ મહિલાઓએ પોતાને અતિ









વ્હાલું સોનું અર્પણ કરી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. મૂર્તિપ્રતિષ્ઠા અન્વયે મુખ્ય તથા સહ યજમાનને ગુરુજી સંગે રાજીપા છબી સ્મૃતિનો લાભ મળ્યો હતો. વળી, આ પ્રતિષ્ઠા નિમિત્તે વિવિધ સેવાઓના ૩૭૫ યજમાનો ગુરુજીના હસ્તે રાજીપારૂપ સ્મૃતિભેટ પ્રાપ્ત કરી કૃતાર્થ બન્યા હતા. આમ, આજના પ્રસંગે સવારના સમયે ૩૦૦૦ તથા સંધ્યા સમયે ૬૦૦૦થી વધુ હરિભક્તો ઉપસ્થિત રહી કૃતાર્થ બન્યા હતા.

**છાબયાત્રા તથા શોભાયાત્રા**

તા. ૨૨-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૭:૩૦થી ૯ દરમ્યાન છાબયાત્રા તથા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હાલા ઘનશ્યામ મહારાજની છાબની આરતી તથા પૂજન થયા બાદ યજમાન શ્રી હાર્દિકભાઈ મુકેશભાઈ પટેલ તેમજ રાજેન્દ્રભાઈ નાથાભાઈ પગીના ઘરેથી છાબયાત્રાનો પ્રારંભ થયો હતો. સવારે ૭:૩૦ વાગ્યે વ્હાલા ગુરુજી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે શોભાયાત્રામાં દર્શન આપવા માટે બગીમાં બિરાજમાન થયા. વ્હાલા ગુરુજીની વાંસે પૂ. સંતો પણ અન્ય બગીમાં આ શોભાયાત્રા માટે જોડાયા. આ સમે ગગનભેદી જયનાદ, આરતી તથા પૂજન સાથે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. શોભાયાત્રામાં દર્શન કરનાર સૌ કોઈ મુમુક્ષુ ઉપર દૃષ્ટિ કરી વ્હાલા ગુરુજી મૂર્તિસુખના કોલ આપી રહ્યા હતા.

અંતે બંને છાબયાત્રાઓ શોભાયાત્રામાં પરિણમી હતી. આશરે નવ વાગ્યે સમસ્ત મોડાસા શહેરના નગરજનોને અભયદાન આપ્યા બાદ શોભાયાત્રાએ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કર્યો.

**પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન તથા દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ**

તા. ૨૨-૧૨-૨૪ ને માગશર વદ સાતમના રોજ સવારે ૧૦થી ૧૨ દરમ્યાન નૂતન મંદિરના સિંહાસનમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઉલ્લાસભેર ઊજવવામાં આવ્યો. આજના આ પ્રસંગે મહાપ્રભુ મુક્ત મંડળે સહિત બિરાજમાન થયા તે અન્વયે વ્હાલા ગુરુજીએ પ્રાર્થના કરી અને મહાપ્રભુએ સૌ ભક્ત સમાજને નવલાં દર્શન આપ્યાં. ત્યારબાદ મહારાજને રાજી કરવા માટે મહાપૂજા કરવામાં આવી. વ્હાલા ગુરુજીએ પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન કરી, આરતી તથા છડીનો લાભ આપી આનંદ ઉત્સવ કરાવ્યો હતો. મૂર્તિપ્રતિષ્ઠા અન્વયે વ્હાલા ગુરુજી અને પૂ. સંતોએ નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિના તથા યજમાનોએ પ્રતીકરૂપ મહાપ્રભુને રીઝવવા માટે પૂજન તેમજ રાજોપચાર વિધિમાં કંઠી, જનોઈ, થાળ, જળ, મુખવાસ અને પુષ્પહાર અર્પણ કરવાનો લાભ લીધો હતો. દિવ્યતાથી અને ભવ્યતાથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની ઉજવણી બાદ વ્હાલા ઘનશ્યામ મહારાજ, અબજીબાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓને રીઝવવા તેમની સમક્ષ મિષ્ટાન્ન, ફરસાણ, સૂકામેવા તેમજ વિવિધ વાનગીઓનો દિવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મોડાસાના સ્થાનિકજનોએ સાંજના ૭ વાગ્યા સુધી આ અન્નકૂટ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.











**ઉત્સવ સભા તથા આશીર્વર્ષા**

દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ બાદ સભામંડપમાં દિવ્ય ઉત્સવ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના દિને પ્રાસંગિક પ્રવચન દરમ્યાન પૂ. નિર્માનસ્વામીએ મોડાસા મંદિરના સત્સંગ વિકાસની ગાથા રજૂ કરી હતી. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ દિવ્યવાણી દ્વારા આશીર્વાદ વહાવતાં કહ્યું, “આજે અમે મોડાસાના હરિભક્તો ઉપર ખૂબ રાજી છીએ. અહીંથી માત્ર સાત કિ.મી. દૂર અમારું સ્વપ્ન સાકાર સ્વરૂપ લઈ રહ્યું છે. અમારા સ્વપ્નમાં ભાગીદાર થવા માટે સૌથી નજીકનું કોઈ સેન્ટર હોય તો તે મોડાસા છે. અનંત અનાદિમુક્તો જ્યાંથી તૈયાર થવાના છે એ ભૂમિ એટલે અનાદિમુક્ત વિશ્વમ્. આજે અહીં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મુક્ત મંડળે સહિત બિરાજમાન થયા છે. જે કોઈ અહીં આવશે, દર્શન કરશે, પ્રસાદી જમશે તેનું હે મહારાજ ! આ ને આ જન્મે પૂરું કરજો. સંજોગોવશાત્ આજના દિને કોઈ આવી ન શક્યું હોય તે બધા પર પણ આપ ખૂબ રાજી થજો ને સુખિયા કરજો.”

અંતમાં વ્હાલા ગુરુદેવના વિડિયો રૂપે આશીર્વાદમાં કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવો છે ત્યારે હે મહારાજ, દયા કરી આખાય સાબરકાંઠાને (હાલના અરવલ્લી જિલ્લાને) ખેંચો ને તમારું સર્વોપરી સ્વરૂપ સમજાવો ને પ્રવર્તાવો. છતે દેહે અનાદિમુક્તની સ્થિતિની હા પડાવો. એવી મહારાજ, બાપા, સદ્‌ગુરુને પ્રાર્થના કરી. સભામંડપમાં હાજર સૌ કોઈએ ગુરુદેવના આશીર્વાદને ‘જય હો, જયજયકાર હો’ના નાદ સાથે વધાવી લીધા. સામાજિક ઉત્થાનના હેતુએ પ્રતિષ્ઠા ઉત્સવમાં બ્લડ ડોનેશન કૅમ્પ રાખ્યો હતો. જેમાં ૩૫૦થી વધુ બૉટલ રક્તદાન થયું હતું.

**સેવા-સમર્પણના સેનાની**

પૂ. નિર્માનસ્વામી, પૂ. નિષ્કામસ્વામી ઉપરાંત પૂ. ધર્મસ્વામી, પૂ. વિવેકસ્વામી આદિ સંતોને પણ આ મોડાસા સત્સંગ મંડળની સેવાનો લાભ મળ્યો હતો. આજરોજ ઊજવાયેલ આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવને પૂ. પૂર્ણસ્વામી, પૂ. મહિમાસ્વામી, પૂ. ત્યાગસ્વામી, પૂ. પવિત્રસ્વામી, પૂ. કીર્તનસ્વામીની રાહબરી હેઠળ માલપુર, મોડાસા, બાયડ તથા હિંમતનગરના ૧૫૦૦થી વધુ સ્વયંસેવક મુક્તોએ દિવસ-રાત ખડે પગે રહી યોગદાન આપી સાર્થક બનાવ્યો હતો. ભક્તિનિવાસનાં તમામ પૂ. ત્યાગી મહિલામુક્તો તથા સમસ્ત મહિલા સમાજે પણ પ્રશંસનીય સેવા બજાવી રાજીપો મેળવ્યો હતો. આમ, આ મોડાસા શહેરના આંગણે આબાલવૃદ્ધ સૌ કોઈના ઉત્સાહથી ખૂબ જ ધામધૂમપૂર્વક દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો. આ દિવ્ય ઉત્સવમાં ૧૫૦૦૦થી પણ વધુ હરિભક્તો દર્શન-આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.








**તા. ૧૯-૧૨-૨૪**ના રોજ પ્રાતઃ કાળે **વ્હાલા ગુરુજી**એ **ગોતા** ખાતે મહારાજ ને મોટાને રાજી કરવા ધનુર્માસમાં પધારેલ સર્વે મુમુક્ષુઓને ભાલમાં ચંદનના ચાંદલાનો દિવ્ય લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધવાનું બળ પ્રદાન કર્યું હતું. ત્યારબાદ પ્રાતઃ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **ગોતા** ખાતે ૧૨ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. સંધ્યા સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **ઘાટલોડિયા** વિસ્તારના ૯ પ્રેમીભક્તોને ત્યાં પધરામણીનો લાભ આપી તેમના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૫-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કલોલ** ખાતે સવારમાં ૨૧મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પ્રાતઃ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ઉપસ્થિત મુક્તોને બળિયા કર્યા હતા. ત્યારબાદ પ્રાતઃ સેશનમાં ૮ પધરામણી અને ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોને કૃપાવંત બનાવ્યા હતા. સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ ૨ પધરામણીનો લાભ આપી ભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યા બાદ રાત્રિ સેશન દરમ્યાન જાહેર સભામાં અમૃતવાણીનો લાભ આપી ૨૦૫૦થી પણ વધુ મુમુક્ષુઓને કૃપાવર્ષાથી ભીંજવ્યા હતા.

**તા. ૨૬-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૬૦૭૬થી વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી દિવ્યભાવની દુનિયામાં મહાલતા કર્યા હતા.

**તા. ૨૭-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **લુણાવાડા** ખાતે ૩ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના હરખને વધાર્યો હતો. રાત્રિ સમયે **લુણાવાડા** ખાતે શાકોત્સવ ઉપક્રમે જાહેર સભામાં આજની પ્રસાદી જમાડનારને દિવ્ય આશીર્વાદ આપી ૨૭૫૪થી પણ વધુ મુમુક્ષુઓના મૂર્તિસુખનાં દ્વાર ખોલ્યાં હતાં.

**તા. ૨૮-૧૨-૨૪**ના રોજ પ્રાતઃ કાળે **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે મંગળા આરતીનો લાભ આપી ધનુર્માસની ધૂનમાં પધારેલ સર્વે મુક્તોને ભાલમાં ચંદનના ચાંદલા કરી રાજીપાવર્ષા વરસાવી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સંતરામપુર (ગોધર)** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તનો મનોરથ પૂરો કર્યો હતો.

આજરોજ સવારના સમયે **વ્હાલા ગુરુજી**એ **ગોધરાના સુખસર** ખાતે ૫ અને **હીરાપુર** ખાતે ૨ પધરામણીનો લાભ આપ્યા બાદ **ઝાલોદ** ખાતે જાહેર સભામાં ઉપસ્થિત મુક્તોને હૅપી ફૅમિલિ કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. **વ્હાલા ગુરુજી**એ સંધ્યા વેળાએ **ઝાલોદ** ખાતે ૪, **વરોડ** ખાતે ૨ તેમજ **દાહોદ** ખાતે ૪ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી હરિભક્તોના પ્રેમને વશ થઈ લાડ લડાવ્યા હતા. **વ્હાલા ગુરુજી**એ **દાહોદ** ખાતે રાત્રિ સમયે જાહેર સભામાં ઉપસ્થિત મુક્તોને હૅપી ફૅમિલિ વિષયક દિવ્યવાણીનો લાભ આપી ૧૨૦૦થી વધુ મુક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૨૯-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે મંગળા આરતીનો લાભ આપી ધનુર્માસમાં પધારેલ સર્વે મુક્તોને ભાલમાં ચંદનના ચાંદલા કરી રાજીપાના માર્ગે પ્રગતિ કરવાનું અનેરું બળ પૂરું પાડ્યું હતું. પ્રાતઃ સમયે **ગોધરા** ખાતે અંગત સભામાં ૨૩૦૦થી વધુ હરિભક્તોને પાટોત્સવ તેમજ ઝોળીસેવા ઉપક્રમે દિવ્ય લાભ આપ્યો હતો. મધ્યાહ્ન સમયે **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટ પ્રવૃત્તિ સંભાળતા અગ્રેસર મુક્તોને રાજીપાથી ભર્યા કર્યા હતા. સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે ૬ પધરામણીનો લાભ આપ્યા બાદ રાત્રિ

સમયે **હાલોલ** ખાતે ઉપસ્થિત ૩૫૦૦થી પણ વધુ હરિભક્તોને શાકોત્સવ પ્રસંગે જાહેર સભામાં હેપી ફેમિલિ કરવાના ઉપાયો પર સુધાવાણીનો લાભ આપ્યો હતો.

**તા. ૩૦-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **ધ્રાંગધ્રા**થી પધારેલ પ્રેમીભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા. રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે શાકોત્સવ નિમિત્તે ૨૮૦૦થી વધુ મુક્તોને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૩૧-૧૨-૨૪**ના રોજ પ્રાતઃ સમે **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે ધનુર્માસમાં ઉપસ્થિત મુક્તોનું પૂજન-અર્ચન કરી સ્વવર્તન દ્વારા દિવ્યભાવના પાઠ શીખવ્યા હતા. વળી, પ્રાતઃ સભામાં હાજર મુમુક્ષુ મુક્તોને અંગત લાભ આપી મહારાજ અને મોટાને રાજી કરી લેવાના માર્ગે પ્રયાણ કરાવ્યું હતું.

**તા. ૧-૧-૨૫**ના નૂતન વર્ષની નવલી પ્રભાતે **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર**ના પ્રેમીભક્તોને ધનુર્માસ ઉપક્રમે ભાલમાં ચંદનના ચાંદલા કરી બળપ્રેરક દિવ્ય લાભ આપ્યો હતો. સવારના સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** ખાતે ૧૩ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે ઉપસ્થિત હરિભક્તોને અંગત સભામાં લાભ આપ્યા બાદ ૧૧ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨-૧-૨૫**ના રોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૧૧ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોને કૃતાર્થ બનાવ્યા હતા. રાત્રિ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **ગાંધીનગર** ઝોનના હરિભક્તોને ઝોળીસેવાનો અલભ્ય લાભ પ્રદાન કર્યો હતો.

**તા. ૩-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સેક્ટર-૬, ગાંધીનગર** ખાતે ૯ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **ગાંધીનગર** ખાતે પોતાના વ્હાલસોયા છાત્રાલય તથા ગુરુકુલના બાળમુક્તોને દિવ્ય સાંનિધ્ય શિબિરમાં સામે ચાલી અંગત લાભ આપી નિકટ લીધા હતા.

**તા. ૪-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે પ્રાતઃ સમયે ૬ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ તેમજ સાયંકાળે ૭ પધરામણીનો લાભ આપી હરિભક્તોને ધન્યભાગી કર્યા હતા. રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ બાળ-કિશોરમુક્તોને સ્પેશ્યલ સભાનો લાભ આપી નિકટતાનો અનુભવ કરાવ્યો હતો. ઉપસ્થિત હરિભક્તોને રાજીપાદર્શનનો લાભ આપી રાજીપારૂપી મૂડી આપી હતી.

**તા. ૫-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે ધનુર્માસની ધૂનમાં પધારેલ મુમુક્ષુઓ પર કૃપાહેલી વરસાવી પ્રાતઃ સભામાં ઉપસ્થિત મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટ પ્રવૃત્તિની સેવા નિભાવનાર ઘરધણી અગ્રેસર મુક્તોની સ્પેશ્યલ રાજીપા સભામાં પોતાની અમૃતવાણીનો લાભ આપી રાજીપાથી ભીંજવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઉના** ખાતેના પ્રેમીભક્તોને રાજીપાદર્શનનો લાભ આપી સ્મૃતિછબી આપી કાયમી સંભારણાં આપ્યાં હતાં. રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ જાહેર સભામાં પોતાની સુધાવાણી દ્વારા ઉપસ્થિત ૨૨૦૦થી વધુ ભક્તોને સુખી પરિવાર કરવાનો રાજમાર્ગ ચીંધ્યો હતો.

**તા. ૭-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સમયે ધનુર્માસની ધૂનમાં ઉપસ્થિત મુક્તોને ભાલમાં ચંદનના ચાંદલા કરી દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. પ્રાતઃ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ ૧૫ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. સાયંકાળે પણ **નરોડા** ખાતે ૧૧ પધરામણીનો લાભ આપી હરિભક્તોના ભાવને સ્વીકાર્યા હતા. રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પધારી ઉપસ્થિત હરિભક્તોને ઝોળીસેવાનો લાભ આપી કૃપાવંત બનાવ્યા હતા.

**તા. ૮-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પ્રાતઃ સમયે ધનુર્માસ ઉપક્રમે ઉપસ્થિત ૧૦૦૦થી વધુ હરિભક્તોને મહારાજ અને મોટાના સંકલ્પમાં ભેગા ભળવાના આગ્રહી બનાવ્યા હતા. પ્રાતઃ સમયે **વ્હાલા ગુરુજી**એ ૧૩ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **નિકોલ** ખાતે ૧૦ પધરામણીનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૯-૧-૨૫**ના રોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે ઝોળીસેવાનો લાભ આપ્યા બાદ ૧૫મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ૩૮૦૮થી પણ વધુ ભક્તોને લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા. ત્યારબાદ ૨ પ્રેમીભક્તોના ગૃહે પધારી પધરામણીનો લાભ આપ્યો હતો.

**તા. ૧૦-૧-૨૫**ના રોજ પ્રાતઃ સમયે **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૩૯૮૭થી પણ વધુ મુમુક્ષુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી દિવ્યભાવની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

**તા. ૧૧-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે ધનુર્માસમાં પધારેલ સર્વે હરિભક્તોને પરભાવી વાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. સવારના સેશનમાં **વ્હાલા ગુરુજી**એ ૧૨ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે ૫ પધરામણીનો લાભ આપ્યો. રાત્રિ સમયે **વાસણા** ખાતે **અમદાવાદ પશ્ચિમ ઝોન**ના ૧૪૭૦થી વધુ મુક્તોને ઝોળીસેવાનો લાભ આપી અભયદાન આપ્યાં હતાં.

**તા. ૧૨-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારના સેશનમાં **મુંબઈ** ખાતે હરિભક્તોની નૂતન સાઈટ પર મહાપૂજાનો લાભ આપી ઉપસ્થિત હરિભક્તોને સુખિયા કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **કાંદિવલી (મુંબઈ)** ખાતે ૨ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવને સ્વીકાર્યો હતો તથા કાર્યકર મુક્તોને પોતાની અમૃતવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૧૩-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પોતાની સુધાવાણીનો લાભ આપી ૨૬૪૬૭થી વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી મહિમાવંત કર્યા હતા.

**તા. ૧૪-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે વિદેશથી પધારેલ હરિભક્તોને ઝોળીસેવાનો લાભ આપી અભયદાનની હેલી વરસાવી હતી.



વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં...

## વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્યોત્સવ

# ૧૪ માર્ચ ૨૦૨૫

સમય : સાંજે ૭થી રાત્રે ૯

મોટાપુરુષના જોગે,
શ્રીજી સુખમાં રાખે...

**સ્થળ : સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર**

**પધારો... પધારો... પધારો...**

**નૂતન મંદિરનાં વધામણાં...**

**મયૂરી નગરી**

**મોરબી શહેરના આંગણે...**



**૨૦ ૨૧ ૨૨ ૨૩ માર્ચ ૨૦૨૫**

**ગુરુવાર, શુક્રવાર, શનિવાર, રવિવાર**

# દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ

શુભ સ્થળ

SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી, દુર્લભ પાર્ટી પ્લોટ પાસે, બાયપાસ રોડ, મોરબી.










## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










(૧-૩) મોરબી, ઇસનપુર તથા વસ્ત્રાલ ખાતે અનુક્રમે પધરામણી તેમજ સભામાં લાભ

(૪-૮) દિવ્ય સત્સંગ વિચરણ : સ્વામિનારાયણ ધામ તથા ભાવનગર

Ghanshyam, February-2025. Published on 10-02-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha **(SMVS)** and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.



## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



(૧-૫) નરોડા, ઘનશ્યામનગર, નિકોલ, વાસણા, સેટેલાઇટ ખાતે અનુક્રમે પધરામણી તેમજ સભામાં લાભ

(૬) વડોદરા પાટોત્સવમાં લાભ (૭-૮) મુંબઈ સત્સંગ વિચરણમાં લાભ